CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 17


# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 82, Dt. 03-08-2026 (MONDAY) Rs. 02/- **Page :** 30, RNI No. GUJGUJ/2023/84789


### BJP માટે ચેતવણીની ઘંટી : વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપે પોતાના બે મજબૂત ગઢ ગૂમાવ્યા

# પેટા ચૂંટણીમાં ભાજપના વળતાં પાણી!



## બિહાર 31 વર્ષ પછી BJPની મોટી હાર

- ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતીન નવીન આ બેઠક ઉપરથી લગાતાર જીત મેળવતા હતા
- જન સ્વરાજ પાર્ટીના પ્રશાંત કિશોરની 15000 વોટથી જીત થઈ છે

## મધ્યપ્રદેશના દતિયાની બેઠક હારી



- કોંગ્રેસને જીત અપાવનારી ચૂંટણીમાં મધ્યપ્રદેશમાં કોંગ્રેસ માટે સકારાત્મક સંકેત
- ભાજપના આશુતોષ તિવારી સામે કોંગ્રેસના ઘનશ્યામસિંહનો વિજય થયો



## ગુજરાત માંજલપૂરમાં ભાજપનો ગઢ યથાવત લીડ ઓછી થઈ

- વડોદરાની માંજલપૂર બેઠકમાં ભાજપના ઉમેદવાર 30,499 લીડથી જીત્યા હતા અગાઉ યોગેશ કાકાને 1 લાખથી વધુની લીડ હતી
- 2500 લોકોએ નોટાને મત આપ્યા

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

બિહાર, મધ્યપ્રદેશ અને ગુજરાતની ત્રણ વિધાનસભા બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીના પરિણામો લગભગ સ્પષ્ટ છે. બિહારના બાંકીપુરમાં, જન સૂરજના સ્થાપક પ્રશાંત કિશોર ૧૧,૦૦૦ થી વધુ મતોની લીડ જાળવી રાખે છે. ૨૧મા રાઉન્ડની ગણતરી મુજબ, પ્રશાંતને ૪૨,૧૬૯ મત મળ્યા છે.

આ દરમિયાન, ભાજપના નીરજ કુમારને ૩૦,૨૭૬ મત મળ્યા. બાંકીપુર બેઠક બિહાર ભાજપ પ્રમુખ નીતિન નવીનની પરંપરાગત બેઠક માનવામાં આવે છે. તેઓ સતત પાંચ વખત અહીંથી ધારાસભ્ય તરીકે સેવા આપી ચૂક્યા છે. રાજ્યસભા માટે ગયા પછી પેટાચૂંટણી યોજાઈ હતી.

મધ્યપ્રદેશના દતિયામાં, કોંગ્રેસના ઉમેદવાર ઘનશ્યામ સિંહ ૧૦,૦૦૦ મતોથી આગળ છે. ગણતરીના ૧૦મા રાઉન્ડ મુજબ તેમને ૫૦,૩૦૭ મત મળ્યા છે. ભાજપે ભૂતપૂર્વ ગૃહમંત્રી નરોત્તમ મિશ્રાને બદલીને આશુતોષ તિવારીને ઉમેદવાર બનાવ્યા છે. આશુતોષને અત્યાર સુધીમાં ૩૯,૩૯૬ મત મળ્યા છે. તેઓ નરોત્તમ મિશ્રાના મતદાન મથક પર પણ કોંગ્રેસથી પાછળ રહ્યા હતા.

દરમિયાન, ગુજરાતના માંજલપુરમાં, ભાજપના સતેન્દ્રભાઈ (સતીશ) પટેલે ૩૦,૪૯૯ મતોના મોટા માર્જિનથી જીત મેળવી, તેમણે કોંગ્રેસના ભીખાભાઈ રબારીને હરાવ્યા. ૩૦ જુલાઈના રોજ યોજાયેલી આ બેઠક માટે પેટાચૂંટણીમાં ૩૭.૦૫% મતદાન થયું હતું.

ગુજરાતની માંજલપુર બેઠક પર ભાજપના ઉમેદવાર સતીશ પટેલનો વિજય

ગુજરાતના વડોદરામાં માંજલપુર વિધાનસભા બેઠક માટે થયેલી પેટાચૂંટણીમાં ભાજપના સતેન્દ્રભાઈ (સતીશ) પટેલ ૩૦,૪૯૯ મતોના મોટા માર્જિનથી જીત્યા હતા. કોંગ્રેસના ભીખાભાઈ રબારીએ ૨૪,૫૮૫ મત મેળવ્યા હતા. જીત બાદ સતીષ પટેલે કહ્યું કે માંજલપુરના લોકોએ યોગેશ કાકાને જે રીતે પ્રેમ અને ટેકો આપ્યો હતો તે જ રીતે તેમને આશીર્વાદ આપ્યા છે. દરમિયાન, ભીખાભાઈ રબારીએ હાર સ્વીકારતા આરોપ લગાવ્યો કે મતદાનના અંતિમ કલાકો દરમિયાન ભાજપે ભયનું વાતાવરણ ઉભું કર્યું હતું. ૩૦ જુલાઈના રોજ યોજાયેલી પેટાચૂંટણીમાં ૩૭.૦૫% મતદાન થયું હતું.

### હોસ્પિટલ સામે પરીવારના ગંભીર આક્ષેપ

# રાજકોટ:બાલાજી હોસ્પિ.ની બેદરકારીથી ગર્ભાશય સર્જરી બાદ મહિલાનું મોત

## પરિવારે શું કહ્યું

### ઓપરેશન સમયે સર્જન હાજર ન્હોતા ફોનથી માર્ગદર્શન આપ્યું હતું



રાજકોટ શહેરની બાલાજી હોસ્પિટલ સામે સારવારમાં બેદરકારીના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. ગર્ભાશયની કોથળીના ઓપરેશન બાદ મહિલાનું મોત થતાં પરિવારજનોએ હોસ્પિટલ અને ડોક્ટરો સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. સમગ્ર મામલે પરિવારજનોએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અરજી આપી જવાબદાર ડોક્ટરો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. મૃતકના પુત્ર યશેશ પોબારૂના જણાવ્યા અનુસાર, ઓપરેશન પહેલાં જરૂરી લોહીના ટેસ્ટ કરવામાં આવ્યા નહોતા. હોસ્પિટલ દ્વારા સર્જનની જરૂર પડશે તો અલગથી ચાર્જ લેવામાં આવશે તેમ જણાવાયું હતું. પરિવારનો આરોપ છે કે, ઓપરેશન દરમિયાન સર્જનની જરૂર પડવા છતાં તેઓ હાજર રહ્યા નહોતા અને માત્ર ટેલિફોન પર માર્ગદર્શન આપીને ઓપરેશન કરવામાં આવ્યું હતું. પરિવારનો વધુ આક્ષેપ છે કે, ઓપરેશન બાદ દર્દી લગભગ ૧૯થી ૨૦ કલાક સુધી બેભાન રહ્યા હતા. ત્યારબાદ બીજા દિવસે સવારે તેમને શ્વાસ લેવામાં તકલીફ અને છાતીમાં દુખાવો શરૂ થયો હતો. પરિવારના જણાવ્યા મુજબ શરૂઆતમાં હોસ્પિટલ સ્ટાફે તેને સામાન્ય ગેસની તકલીફ ગણાવી હતી.

## હોસ્પિટલે શું કહ્યું

### ઓપરેશન બાદ દર્દીને શ્વાસમાં તકલીફ અને નાડીના ધબકારા વધી ગયા હતા




આ સમગ્ર મામલે બાલાજી હોસ્પિટલના ડો. કવિતા લાધાણીએ સ્પષ્ટીકરણ આપતાં જણાવ્યું કે, દર્દી ૨૭ તારીખે હોસ્પિટલમાં દાખલ થયા હતા અને ૨૮ તારીખે ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઓપરેશન બાદ એક દિવસ સુધી દર્દીની સ્થિતિ સામાન્ય હતી અને દિવસમાં બે વખત તપાસ કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે ૨૯ તારીખે દર્દીને શ્વાસ લેવામાં તકલીફ અને નાડીના ધબકારા વધી ગયા હતા. ત્યારબાદ ફિઝિશિયન દ્વારા તપાસ કરવામાં આવી હતી અને છાતીમાં લોહીનો ગઠ્ઠો (બ્લડ ક્લોટ) હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. સ્થિતિને ધ્યાનમાં રાખીને દર્દીને વધુ સારવાર માટે કાર્ડિયોલોજિસ્ટ પાસે ખસેડવામાં આવ્યા હતા. મહિલાના મોત બાદ પરિવારજનોએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અરજી આપી છે અને સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરીને જવાબદાર સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. હાલ પોલીસ અરજીના આધારે પ્રાથમિક વિગતોની ચકાસણી કરી રહી છે. સારવારમાં બેદરકારીના આક્ષેપો પરિવારજનોએ કર્યા છે. હોસ્પિટલ તરફથી આક્ષેપોને નકારી પોતાનું સ્પષ્ટીકરણ આપવામાં આવ્યું છે. પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ જવાબદારી અંગે સત્તાવાર સ્થિતિ સ્પષ્ટ થશે.

## આંગણવાડીમાં ખોરાક સંકટઃ સગર્ભા માતાઓને મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના અંતર્ગત આપવામાં આવતો અનાજનો જથ્થો અનિયમિત મળે છે

# રાજકોટમાં પોષણ યોજના ઠપ્પ

# 25 હજાર ગર્ભવતી મહિલાઓને અનાજ મળતું નથી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં આવેલી આંગણવાડીઓમાં સગર્ભા માતાઓને મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના અંતર્ગત આપવામાં આવતો અનાજનો જથ્થો અનિયમિત હોવાનું સામે આવ્યું છે. શહેરની ૩૬૪ આંગણવાડીઓમાં તુવેરદાળ, ચણા અને તેલનો જથ્થો ત્રણ માસથી ન મળતા ૨૫,૦૦૦ માતાઓ મુશ્કેલીનો સામનો કરી રહી છે. જોકે આ બાબતે જ્યારે તંત્રને પૂછવામાં આવ્યું તો જવાબ મળ્યો કે જથ્થો આવી ગયો છે. તેનું વિતરણ કરવાનું ચાલુ છે.
રાજકોટના નારાયણ નગર શેરી નં. ૯માં આવેલી ઘટક નંબર ૩ હેઠળની કેન્દ્ર નંબર ૧૪૧ આંગણવાડીમાં ટીમ રિયાલિટી ચેક માટે પહોંચી તો નવી જ વાત સામે આવી કે, અહીં તો છેલ્લા છ મહિનાથી ચણા, તુવેર દાળ અને તેલનો જથ્થો આવ્યો જ નથી. અહીં ૨૫ જેટલી માતાઓ નોંધાયેલી છે. દર મહિને પ્રથમ ડિલિવરી વખતે માતાઓ માટે ૨ કિલો ચણા, ૧ કિલો તુવેર દાળ અને ૧ કિલો તેલ આપવાનો હોય છે, પરંતુ આ જથ્થો ૬ મહિને આપવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલિકા હેઠળના ICDS (ઈન્ટિગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસ)ના પ્રોગ્રામ ઓફિસર શારદાબેનનો સંપર્ક કરવામાં આવતા તેમને જણાવ્યું હતું કે, શહેરમાં ૩૬૪ આંગણવાડીઓ આવેલી છે જેમાં ૨૫૧૦૦ જેટલી સગર્ભા માતાઓ નોંધાયેલી છે. જેમના માટે તુવેરદાળ અને ચણા ફેબ્રુઆરીથી જૂન ૨૦૨૬ સુધીની તાજેતરમાં જ આવ્યા છે. જ્યારે તેલ એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીનું હમણાં જ આવ્યું છે. જેનું વિતરણ હાલ ચાલી રહ્યું છે.
નોંધનીય છે કે, ગુજરાતમાં સગર્ભા મહિલાઓ માટે મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના (MMY) કાર્યરત છે, જેના દ્વારા વિનામૂલ્યે પોષણયુક્ત અનાજ અને ખાદ્યતેલ આપવામાં આવે છે. ગર્ભાવસ્થાથી લઈને બાળક બે વર્ષનું થાય ત્યાં સુધીના ૧૦૦૦ દિવસ દરિમિયાન પોષણ પૂરું પાડવું. આ યોજના હેઠળ આંગણવાડીના માધ્યમથી દર મહિને ૨ કિલો ચણા, ૧ કિલો તુવેર દાળ અને ૧ લીટર શુદ્ધ ખાદ્યતેલ વિનામૂલ્યે આપવામાં આવે છે. રાજ્યમાં પ્રથમ વખત સગર્ભા બનતી મહિલાઓ આ યોજનાનો લાભ મેળવવા પાત્ર છે. રાજકોટ શહેર અને જિલ્લામાં ૭૦૦ જેટલા સસ્તા અનાજના દુકાનદારો આવેલા છે જ્યાં જુલાઈ મહિનામાં તુવેરદાળનો જથ્થો આપવામાં આવ્યો નથી.
જોકે ઓગસ્ટ માસમાં તુવેર દાળનો જથ્થો આપવામાં આવશે પરંતુ હજુ સુધી વિતરણ થયું નથી.




**તુવેરદાળ, ચણા, તેલના જથ્થાનું વિતરણ થયું નથી**



### રાજકોટ મહાપાલિકામાં સફાઈ કામદારોનો ભાંડાફોડ કર્યો હતો

# ‘બોગસ સર્ટિફિકેટ’ કૌભાંડનો પર્દાફાશ કરનારને ભાજપ નેતાઓએ ધમકીઓ આપી

## ભાજપના નેતાઓ જ કૌભાંડના માસ્ટરમાઈન્ડ તેઓને છાવરવા સોશિયલ મીડિયા પર ખૂલ્લેઆમ ગાળાગાળી









રાજકોટ કામદાર યુનિયનના પ્રમુખ પારસ બેડીયાના સનસનીખેજ આરોપ

ભાજપ આગેવાનોનું કરોડોનું બોગસ મેડિકલ સર્ટી. કૌભાંડ !

મહાપાલિકામાં કાયમી સફાઈ કામદારોના સ્વૈચ્છિક રાજીનામા બોગસ મેડિકલ સર્ટિફિકેટના ૩ લાખ લેવાય

2024માં RMCના 115 સફાઈ કામદારોએ મેડિકલ પ્રમાણપત્ર નામંજૂર કર્યાઃ હવે પાસ કરી દીધા


સિવિલ હોસ્પિટલે 127 કામદારોને કહ્યું તમારી તબિયત ટનાટન છે ખાનગી સર્ટિ.માં તેઓ નોકરી કરે તેવી પરિસ્થિતિમાં નથી, બોલો લ્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકામાં (RMC)

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકામાં કાયમી સફાઈ કામદારોના સ્વૈચ્છિક રાજીનામા અને તેમની જગ્યાએ નવી ભરતીના નામે ચાલી રહેલા મસમોટા ’બોગસ સર્ટિફિકેટ’ કૌભાંડનો રાજકોટ કામદાર યુનિયન દ્વારા સણસણતો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ કૌભાંડમાં વાલ્મિકી સમાજના પ્રમુખ અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા મુકેશ પરમાર તથા તેમના સાગરીતોની સીધી સંડોવણી ખૂલતાં સ્થાનિક રાજકારણ અને તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. પોતાના કાળાં કારસ્તાન ખુલ્લા પડી જતાં અને પગ નીચેથી જમીન સરકી જતાં હવે આ કૌભાંડી તત્વો ખુલ્લી ગુંડાગીરી પર ઉતરી આવ્યા છે.મુકેશ પરમાર જૂથના અને વોટ્સએપ ડીપીમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સાથે ફોટો રાખી રોફ જમાવતા કાર્યકર્તા વિરાટ વાઘેલા દ્વારા રાજકોટ કામદાર યુનિયનના પ્રમુખ પારસ બેડીયાને સોશિયલ મીડિયા પર બેફામ ગાળો અને ધમકીઓ આપવામાં આવી રહી છે. આ તમામ ધમકીઓ અને ગાળાગાળીના સ્ક્રીનશોટ્સ હાલ વાયરલ થઈ રહ્યા છે, જે દર્શાવે છે કે આ તત્વોને કાયદાનો કોઈ જ ખોફ રહ્યો નથી અને તેઓ અવાજ ઉઠાવનારાઓને ડરાવવા માંગે છે.




### ‘અમે તો ખોટા સર્ટિફિકેટ પણ આપીશું’ – સત્તાધારી પક્ષના આગેવાનોની હદ વટાવતી બેશરમી

સત્તાના જોરે આ સમગ્ર કૌભાંડને વાજબી ઠેરવવાનો બેશરમ પ્રયાસ કરતા રાજકોટ શહેર ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પૂર્વ મહામંત્રી અજબ વાઘેલાએ તો તમામ મર્યાદાઓ નેવે મૂકી દીધી છે. તેમણે વાલ્મિકી સમાજના સોશિયલ મીડિયા ગ્રુપમાં ખુલ્લેઆમ પડકાર ફેંકતા લખ્યું છે કે, "અમે સાચા કે ખોટા ગમે તેવા સર્ટિફિકેટ આપીએ, અમારે ૧૨૭ સફાઈ કામદારોને નોકરી મળે તે જોવાનું છે." આ પ્રકારની જાહેરમાં કરાયેલી કોમેન્ટ્સ સ્પષ્ટ કરે છે કે સત્તાધારી પક્ષના ઓઠા હેઠળ આ લોકો પોતાને કાયદાથી ઉપર માની રહ્યા છે અને કોઈ તેમનું કંઈ બગાડી શકશે નહીં તેવા ઘમંડમાં રાચી રહ્યા છે. આ સમગ્ર ઘટનાક્રમ બાદ રાજકોટ કામદાર યુનિયને આક્રમક વલણ અપનાવીને ન્યાયની ઉગ્ર માંગ કરી છે. યુનિયનની સ્પષ્ટ માંગણી છે કે ૧૨૭ સફાઈ કામદારોના રાજીનામા અને તેમની જગ્યાએ રજૂ થયેલા તમામ સર્ટિફિકેટ્સની ઊંડાણપૂર્વક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. આ ઉપરાંત, ખુલ્લેઆમ ગુંડાગીરી કરી ધમકી આપનાર વિરાટ વાઘેલા અને બોગસ સર્ટિફિકેટ કૌભાંડ આચરનારા તમામ જવાબદારો સામે તાત્કાલિક અસરથી કડકમાં કડક પોલીસ ફરિયાદ નોંધવામાં આવે તેવી રજૂઆત યુનિયન પ્રમુખ પારસ બેડીયા દ્વારા કરવામાં આવી છે.

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું બિલ્ડર્સ એસોસિએશન દ્વારા ભવ્ય સન્માન

# રાજકોટ રોકાણકારો માટે બેસ્ટઃ મુખ્યમંત્રી







## શહેરના વિકાસની ડોક્યુમેન્ટ્રી તૈયાર કરવામાં આવીઃ મુખ્યમંત્રીને દેખાડાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું આજે ક્રેડાઈ - રાજકોટ બિલ્ડર્સ એસોસિએશનની વાર્ષિક સાધારણ સભામાં વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા રાજકોટમાં રિયલ એસ્ટેટ, બાંધકામ ક્ષેત્ર અને શહેરી વિકાસ માટે લેવાયેલા સરાહનીય નિર્ણયો અને નીતિઓ બદલ એસોસિએશન દ્વારા મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે વિકસિત ભારત ૨૦૪૭ અંગે વાત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશને આપેલા વિકાસની રાજનીતિના મંત્રને અનુસરીને ગુજરાત આજે વિકાસના પથ પર ઝડપથી આગળ વધી રહ્યું છે. વડાપ્રધાનના વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનને સાકાર કરવા રાજ્ય સરકારે વિકસિત ગુજરાતનો સર્વગ્રાહી રોડમેપ તૈયાર કરીને તેનું અસરકારક અમલીકરણ શરૂ કરી દીધું છે. આ રોડમેપ અંતર્ગત સમગ્ર ગુજરાતને ૬ ઝોનમાં વહેંચીને વર્ષ ૨૦૪૭ સુધીના ફોકસ સેક્ટર્સ નક્કી કરવામાં આવ્યા છે, જે રાજ્યના આર્થિક અને સામાજિક વિકાસને નવી ઊંચાઈએ લઈ જશે.

રાજ્યમાં થયેલા વ્યાપક પરિવર્તનની ચર્ચા કરતાં તેમણે ઉમેર્યું હતું કે, અગાઉના સમયમાં રાજકોટ જેવાં શહેરોમાં પાણી અને વીજળીની જે વિકટ પરિસ્થિતિ હતી, તે આજે ભૂતકાળ બની છે. વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાતની પરંપરાને કારણે આજે ગુજરાત વિશ્વના નકશા પર ગ્લોબલ પ્લેટફોર્મ તરીકે ઊભરી આવ્યું છે.

વહીવટી પારદર્શિતા અંગે વાત કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, આજે સરકારી પ્રક્રિયાઓ અત્યંત સરળ અને પારદર્શક બની છે, જેના પરિણામે કલેક્ટર કે કમિશનર કચેરીઓમાં કોઈ પણ મુશ્કેલી વગર તમામ મંજૂરીઓ મળી રહી છે. તેમણે ઉદ્યોગકારોને નફાની સાથે સામાજિક જવાબદારી સમજીને સામાન્ય પ્રજાજન માટે એફોર્ડેબલ હાઉસિંગના નિર્માણ પર ભાર મૂકવા અનુરોધ કર્યો હતો.

આ સાથે જ પર્યાવરણ જાળવણી પર ભાર મૂકતાં તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાત આજે રિન્યૂએબલ એનર્જી અને ગ્રીન એનર્જી ક્ષેત્રે દેશમાં પ્રથમ ક્રમે છે તથા જળસંચય અભિયાન અંતર્ગત રાજ્યના દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરનું નિર્માણ કરવામાં આવ્યું છે.મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સસ્ટેનેબલ આ પ્રસંગે પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કોઈપણ શહેર કે રાજ્યના આધુનિકીકરણ અને વિકાસની સાચી ઓળખ તેના મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી થાય છે. રાજકોટ સહિત સમગ્ર ગુજરાતના રિયલ એસ્ટેટ ડેવલપર્સે પોતાના સ્માર્ટ અને આધુનિક નિર્માણ દ્વારા રાજ્યને વિશ્વસ્તરીય ઓળખ અપાવવામાં સિંહફાળો આપ્યો છે. તેમણે ગુજરાતના વિકાસ મોડેલમાં બિલ્ડર સમુદાયના યોગદાનની સરાહના કરી હતી.

બિલ્ડર્સ અને સામાન્ય નાગરિકો માટે વહીવટી નિયમો સરળ બનાવવામાં આવ્યા છે. એઈમ્સ, નવા ઈન્ટરનેશનલ એરપોર્ટ અને વિશ્વસ્તરીય કનેક્ટિવિટીના પ્રોજેક્ટ્સને કારણે આજે રાજકોટ રોકાણકારો માટે કેન્દ્ર બન્યું છે. આ અવસરે મુખ્યમંત્રીના હસ્તે બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટ અને ઉમા ભવન સંસ્થાને ૧૦- ૧૦ ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન અર્પણ કરાયા હતા.રાજકોટના વિકાસની વાત રજૂ કરતી ડોક્યુમેન્ટ્રી દર્શાવવામાં આવી હતી. કાર્યક્રમમાં સ્વાગતવિધિ રાજકોટ બિલ્ડર્સ એસોસિએશનના પ્રમુખ પરેશભાઈ ગજેરા દ્વારા કરવામાં આવી હતી, જ્યારે આભારવિધિ અમિતભાઈ ત્રાંબડીયા દ્વારા કરવામાં આવી હતી.આ તકે કેબિનેટ મંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજા, રાજ્યકક્ષાના મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગા, સર્વે ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ, પૂર્વ મંત્રી ભૂપેન્દ્રભાઈ ચુડાસમા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી પરેશભાઈ પીપળીયા, અગ્રણી માધવભાઈ દવે, પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, મહાનગરપાલિકા કમિશનર તુષાર સુમેરા, જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ સહિત બિલ્ડર એસોસિએશનના સભ્યઓ તેમજ શહેરના બિલ્ડરઓ, જુદા જુદા એસોસિએશનના હોદ્દેદારઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### મુખ્યમંત્રીએ મેયર શુકલને ટકોર કરતા કહ્યું, વિકાસ કામો માટે જેટલું જોશે એટલું આપશું

# રાજકોટમાં ‘ક્વોલિટીવાળું’ કામ કરજોઃ મુખ્યમંત્રી

### રવિવારે મુખ્યમંત્રીના હસ્તે 268 કરોડના વિકાસ કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યુ





## મુખ્યમંત્રીએ લોકોને પૂછ્યું કે રાજકોટમાં સફાઈ થાય છે કે નહીં ? તો કેટલાકે કહ્યું આજે થઈ હતી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે રાજકોટ ખાતે પધાર્યા હતા તેમના હસ્તે ૨૬૮ કરોડથી વધુના વિકાસકામોનું ખાતમુહુર્ત અને લોકાર્પણ કરાયું હતું. પ્રથમ તેમણે સ્વ.વિજય રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટના જ્ઞાન પ્રબોધિની પ્રોજેક્ટ અંતર્ગત તેજસ્વી દીકરીઓને સન્માનવા પહોંચ્યા હતા. જ્યાં પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ દિલ્હીના જંતરમંતર પર થયેલા આંદોલનને વખોડ્યું હતું. જે બાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે નવા ઓડિરોટીયમ સહિતના લીલીઝંડી આપવા માટે પહોંચ્યા હતા. જ્યાં જીતુ વઘાણીએ સમયના અભાવના કારણે પોતાની સ્પીચ ન આપતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હળવા મૂડમાં મજાક કરતા કહ્યું કે હું અગાઉ એક કાર્યક્રમમાં ન્હોતો બોલ્યો તો ખૂબ તાળીઓ પડી હતી તે જ તાળીઓ આજે જીતુભાઈ માટે પડવી જોઈએ. જ્યારે રાજકોટના લોકોને પૂછ્યું કે અહીં સફાઈ થાય છે કે નહીં ? તો કેટલાકે કહ્યું કે આજે થઈ હતી.

અટલ બિહારી વાજપેયી ઓડીટોરિયમ ખાતે સ્વ. પૂજિત વિજયભાઈ રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ ખાતેના કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, પૂર્વ મુખ્યમંત્રી સ્વ વિજય રૂપાણીના જન્મ દિવસ નિમિતે વંદન કરું છું. વિજયભાઈનું જીવન સાદગી પૂર્ણ હતું. દરેક કાર્યકર્તા પ્રત્યે આત્મીયતાનો ભાવ હતો. ગરીબ, વંચિત , જરૂરિયાત મંદ માટે પ્રેરણારૂપ કાર્ય કર્યુ છે. વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશિયો ૩૭ ટકાથી ઘટાડીને ૧ ટકા પહોંચ્યો છે. આ સાથે જ દીક્ષા ગ્રહણ કરનાર વિદ્યાર્થીઓને મુખ્યમંત્રીએ અભિનંદન પાઠવ્યા હતા. ૨૦૪૭માં વિકસિત ભારતના સંકલ્પને પૂરું કરવામાં સામાજિક સંસ્થાઓનો ફાળો પણ મહત્વનો રહેશે તેમ જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં નેહલ શુક્લે પોતાની સ્પીચમાં કહ્યું હતું કે, આજે આપે મહાનગરપાલિકાના ૨૫૦ કરોડના કામોના ખાતમુહૂર્ત કર્યા છે અને આ કામોનું લોકાર્પણ કરવા માટે મુખ્યમંત્રી આપ જયારે આવો ત્યારે બીજા રૂ.૨૫૦૦ કરોડના ખાતમુહૂર્ત કરો તેવી આશા રાખીએ. જેનો જવાબ આપતા મુખ્યમંત્રીએ રાજકોટના મેયર નેહલ શુક્લને ટકોર કરતા જણાવ્યું હતું કે, વિકાસ કામો માટે જેટલું જોશે એટલું આપીશું.અમારા પાસે જેટલું હસે એ આપીશું પણ કામ ક્વોલિટીવાળું કરજો. આ દરમિયાન પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા લાંબા સમય બાદ સ્ટેજ પર દેખાયા હતા તેમણે જણાવ્યું હતું કે, સંસ્કાર વગરનું શિક્ષણ નકામું છે. આખા દેશે દિલ્હીમાં સંસ્કાર અને કુસંસ્કાર વચ્ચેનો ભેદ જોયો. સાંભળી ન શકાય તેવી ભાષાનો ઉપયોગ થયો હતો. જેથી આક્રોશ ગમે તેટલો હોય પરંતુ સંસ્કાર ભૂલવા ન જોઈએ.

જે બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પહોંચ્યા હતા. જ્યાં તેમના હસ્તે રાજકોટ મનપાના ૧૩ જેટલા વિકાસકામોનુ ખાતમુર્હુત કરવામાં આવ્યું હતુ. જેની કુલ કિંમત ૧૫૩.૩૫ કરોડ હતી. આ ઉપરાંત મનપાના ૧૩ જેટલા વિકાસકામોનુ લોકાર્પણ થયું. જેની કુલ કિંમત ૯૪.૪૨ કરોડ હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે નવનિર્મિત ઓડિટોરિયમ, ન્યૂ લાઈબ્રેરી અને હેલ્થ સેન્ટરનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

જે પછી મુખ્યમંત્રીએ મજાકના મૂડમાં જણાવ્યું હતું કે, આજે જીતુભાઈએ સ્પીચ આપવાની ના પાડી.હું ધારાસભ્ય હતો ત્યારે યોગ ક્લાસિસમાં ગયો હતો. મને કહ્યું તમે બોલશો. મેં ના પાડી બોલવાની તો ખૂબ તાળીઓ પડી. એટલી જ તાળીઓ આજે જીતુભાઈ માટે પડવી જોઈએ. દરેક વખતે બોલવું જરૂરી હોતું નથી. વિકાસ કેવો હોય, કેટલો હોય એ પ્રધાનમંત્રીએ આપણને અનુભવ કરાવ્યો છે. બધાનો સ્વભાવ હોય કે જેમ જેમ ફેસેલીટી વધતી જાય તેમ તેમ નવી નવી ફેસેલીટીની ઝંખના હોય.યોગા કરીએ તો આયુષ્માન કાર્ડની જરૂર ન પડે, યોગા ન કરીએ તો આયુષ્માન કાર્ડ તો છે જ. વિકાસને બે રીતે જોવો જોઈએ આર્થિક અને સામાજિક.આ બન્ને પેરેલલ થાય એ જરૂરી છે.મનપામાં જે નવા રોડ બનાવવાના હોય તે RCCના બને તેવો નિર્ણય છે. કોમનવેલ્થમાં ૩૯ મેડલ આપણને મળ્યા છે. ભવિષ્યમાં કોમનવેલ્થ ગેમ્સ ગુજરાતમાં યોજાવાની છે ત્યારે ગુજરાતના ખેલાડીઓ મેડલ લાવે તો ગુજરાતનું ગૌરવ વધે.



### કોંગ્રેસના ઠાકરશી રબારી થરાદથી OBC અન્યાય સામે આંદોલનનું બ્યૂગલ ફૂંક્યું

# હવે 'OBC બચાવો આંદોલન'

### આરોપ લગાવતા ઠાકરશી રબારીએ કહ્યું લેખિત પરીક્ષામાં સફળ થયેલા OBC વિદ્યાર્થીઓને પણ ન્યાય મળતો નથી

**સિટી ન્યૂઝ@વાવ-થરાદ**

વાવ-થરાદમાં ખેડૂતોની પદયાત્રા દરમિયાન બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર અને કોંગ્રેસ નેતા ઠાકરશી રબારીના નિવેદનોથી રાજકીય માહોલ ગરમાયો છે. ખેડૂતોના હિત માટે આયોજિત આ કાર્યક્રમમાં બંને નેતાઓએ વિવિધ મુદ્દાઓ પર પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. સાંસદ ગેનીબેન ઠાકોરે પોતાના સંબોધનમાં સત્તા પરિવર્તનની વાત કરી હતી. સત્તા પરિવર્તનથી નેતા, મંત્રી, ધારાસભ્ય-સાંસદ કાબૂમાં રહે કે નહી તેમ સવાલ કરીને ચૂંટણી આવે ત્યારે પક્ષાપક્ષી કરવી, પરંતુ હાલ ખેડૂતોના હિતને પ્રાથમિકતા આપવી જોઈએ. તેમણે મતદારોને પરિવર્તન અંગે વિચારવા માટે આડકતરી રીતે અપીલ કરી હતી.

ગેનીબેન ઠાકોરે રાજસ્થાનનું ઉદાહરણ આપતા કહ્યું કે, ત્યાં પાંચ વર્ષ કોંગ્રેસ અને પાંચ વર્ષ ભાજપની સરકાર આવે છે, છતાં કોઈનું હિન્દુત્વ ખતમ થયું નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, એક જ સરકાર લાંબા સમય સુધી રહે તો જવાબદારી ઘટે છે અને પરિવર્તનથી લોકશાહી મજબૂત બને છે. દરમિયાન OBC અનામત મુદ્દે ઠાકરસી રબારીએ આંદોલનનું બ્યુગલ ફૂક્યું હતું. સાંસદ ગેનીબેન ઠાકોરે જણાવ્યું હતું કે, પાકોનું પણ હવે વાવેતર કરવાની જરૂર છે, પાછળ ફળફળાદિ હોય કે અન્ય હોય. હવે પહેલા એક એરંડા અને રાયણું બહુ જૂનું કે એ ઠીક. આપણી પરંપરાગત ખેતી પણ એના હિસાબે કાંઈ દેવા ના ભરાયા અને એના હિસાબે કાંઈ મોટા કામ પણ થઈ શકે નહીં. અને જમીન પણ પરંપરાગત રીતે ઓછી થવાની છે. ત્યારે ઓછી જમીનમાં આપણે કેવી રીતે તેનું વધુ ઉત્પાદન મેળવી શકીએ અને એક વૈજ્ઞાનિક ઢબે ખેતી કરીને આપણે પોતે આગળ વધવા માટેના પ્રયત્ન કરીએ.

પશુપાલનમાં પણ આજે ભલે આપણે બનાસકાંઠાની અંદર સૌથી વધારે દૂધ ઉત્પન્ન કરીએ, પણ જેટલી આપણી બનાસકાંઠાને આ વિસ્તારની જમીન છે, વ્યવસ્થાઓ છે. એના પ્રમાણમાં હજુ આપણે આનાથી પણ વધારે વ્યવસ્થા કરી શકીએ એમ છીએ. ધાનેરાનું થાવર ગામ છે, ત્યાં રોજનું એક લાખ લીટર દૂધ આવે છે; પચાસ હજાર સાંજે અને પચાસ હજાર સવારે. એક દિવસમાં એક લાખ લીટર દૂધ આપણી બનાસ ડેરીની અંદર ધાનેરા તાલુકાનું, થાવર ગામનું જાય છે. ત્યારે આ ત્યાં પણ ખેડૂતો છે, આપણા સગાવાળા છે, આપણો તાલુકો આપણો નજીકના હશે, એટલે ખેતીને કે પશુપાલનને, નિભાવ પૂરતું નહીં, પણ એને બિઝનેસ, ધંધાના રૂપમાં પણ આપણે બધાએ થોડો આગળ વધારવા પ્રયત્ન આપણે સૌ સાથે મળીને કરીશું, તો પશુપાલનમાં વધારો કરશો તો ખેતીમાં ખાતરનો પણ ફાયદો મળશે કે ચોખ્ખો ખેતીનો જે પકવો એ થોડો નફામાં રહેશે.

આ જ કાર્યક્રમમાં કોંગ્રેસ નેતા ઠાકરશી રબારીએ OBC સમાજના પ્રશ્નો ઉઠાવતા જણાવ્યું કે વિસ્તારમાં OBC સમાજ સાથે અન્યાય થઈ રહ્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે લેખિત પરીક્ષામાં સફળ થયેલા OBC વિદ્યાર્થીઓને પણ ન્યાય મળતો નથી. OBC સમાજના હકો માટે હવે 'OBC બચાવો આંદોલન' શરૂ કરવાની જરૂર છે. તેમણે હસમુખ પટેલ પર આડકતરા પ્રહાર કરતા વિદ્યાર્થીઓ સાથે અન્યાય થતો હોવાનો આક્ષેપ કર્યો હતો.

## સત્તા પરિવર્તનથી ધારાસભ્ય સાંસદ કાબુમાં રહે કે નહીં : ગેનીબેન

### રાજસ્થાનમાં પાંચ વર્ષે સરકાર બદલાય તો હિન્દુત્વ નથી મટી જતું



ગેનીબેને કહ્યું કે હું પણ તમને વિનંતી કરું કે સ્નેહસંબંધી, સગાવ્હાલામાં, ગામમાં ક્યાંક સારું થતું હોય તો જતું કરીને વાંક ન હોય તો સ્વીકારી લઈને ઝેર પીને પણ સારું થાય એવી પ્રયત્ન કરજો, એવી પ્રેરણા ભગવાન શંકરે આપણને આપી છે, અને એ પ્રેરણાથી આવનારા સમયની અંદર સૌ હળીમળીને તમામ સમાજના વડીલો. ભાઈચારાની ભાવનાથી રહે. ગુલાબભાઈએ કહ્યું એમ કે ચૂંટણી હોય ત્યારે તમારે પક્ષાપક્ષી જે નાના-મોટી કરવી હોય કરજો, હજુ ના ધરાણા હોય તો. અને હવે ધરાણા હોય તો એકાદ વખત રોટલાને બે બાજુ ન ચેડવો(શેકો) ને એકબાજુ રાખો તો રોટલો પણ દાઝી જાય. આ રાજસ્થાનમાં પાંચ વર્ષે કોંગ્રેસ આવે અને પાંચ વર્ષ ભાજપ આવે, એમાં કોઈ હિન્દુત્વ મટી ના ગયા. અહીં બાજુમાં જ છે ને?તો બધાય પાંચ-પાંચ વર્ષે બદલાય તો બે પક્ષોના આગેવાનો, ધારાસભ્ય, સાંસદ, મંત્રી હોય બધા કાબૂમાં-કંન્ટ્રોલમાં રહે કે નહીં? આ તો તમે એકનું એક આપણે દહાડામાં બે ટાણા એકનું એક શાક ખાઈએ. રોજ અઠવાડિયું સળંગ કઢી કરો તો ભાવે? ના ભાવે ને? થોડું તમને લાગતું હોય કે હવે આમાં પાંચ વર્ષમાં એવડું મોટું રાજ રડાઈ નહીં જાય એમ, કદાચ પરિવર્તન થઈ જાશે તો આપણે હિન્દુ મટી જાશું? અને આખો વિનાશ થઈ જશે.

## અમદાવાદમાં NEET પેપર લીકની રેલીમાં કોંગ્રેસના નેતાઓએ નારા લગાવ્યા

# નરેન્દ્ર મોદી 'વીક' છે એટલે પેપર 'લીક' છે




**સિટી ન્યૂઝ@અમદાવાદ**

NEET પેપર લીક મુદ્દે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ અને શિક્ષણના વ્યાપારીકરણ મુદ્દે ગુજરાત કોંગ્રેસ આજે (૩ ઓગસ્ટ) રસ્તા પર ઉતરી છે. સરકારના વિરોધમાં અમદાવાદના નહેરુબ્રિજથી સરદાર બાગ સુધી રેલી યોજી અને છાત્રો કી ગુંજ અભિયાન અંતર્ગત સરદારબાગ ખાતે ધરણા કરાયા. અમદાવાદ પોલીસ દ્વારા પહેલેથી જ બે JCP, ત્રણ પીઆઇ સહિત મોટી સંખ્યામાં પોલીસ કાફલો પતંગ હોટેલ પાસે ખડકી દેવામાં આવ્યો હતો. નહેરુબ્રિજથી રેલીની શરૂઆત થઈ ગઈ છે. હાય રે ભાજપ હાય હાયના નારા રેલી આગળ વધી રહી છે. અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના નેતાઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા. અમિત શાહ રાજીનામું આપોના નારા પણ લાગી રહ્યાં છે.

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું કે, શિક્ષાનું જે રીતે વ્યાપારીકરણ થયું તેના કારણે વિદ્યાર્થીઓ, વાલીઓ અને આખો દેશ વિરોધ દર્શાવી રહ્યો છે. વારંવાર પેપર લિક થતું હોવાથી વિદ્યાર્થીઓને નુકસાન થઈ રહ્યું છે. આખા દેશના વિદ્યાર્થીઓ જંતરમંતર પર આવીને શિક્ષણનું વ્યાપારીકરણ કરનાર સરકાર સામે અવાજ ઉઠાવે ત્યારે વિદ્યાર્થીઓ સાથે વાત કરવા અથવા સંવાદ કરવાના બદલે દેશના વડાપ્રધાન અને ગૃહ મંત્રીના આદેશથી વિદ્યાર્થીઓ પર બેફામ લાઠીચાર્જ કરવામાં આવ્યો. ટીયર ગેસ છોડીને બહેન-દીકરીઓ પર ખૂબ જ બર્બરતા પૂર્વક અત્યાચાર કરવામાં આવ્યો. બિહારમાં Ak ૪૭થી ગોળીબાર કરવામાં આવ્યો છે, છતાં પણ હજુ સુધી લાઠીચાર્જ કરનાર સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.બહેન-દીકરીઓ પર અત્યાચાર અને લાઠીચાર્જ કરનારને આદેશ આપનાર જનરલ ડાયર સામે જ્યાં સુધી કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે ત્યાં સુધી વિદ્યાર્થીઓ માટે રસ્તા પર ઉતરીને લડીશું. નવા અંગ્રેજોના શાસનને હવે દેશના યુવાનો નહીં ચલાવી લે.કોંગ્રેસના નેતાઓ ધરણા પ્રદર્શન કરતા હોવાથી અમુક જગ્યાને બેરિકેડ લગાવીને બંધ કરી વાહનચાલકો માટે બ્રિજ ખુલ્લો મૂકવામાં આવ્યો છે.ખાનપુર ભાજપ કાર્યાલયથી અંદાજે ૧૦૦ મીટરના અંતર પર કોંગ્રેસના નેતાઓએ ધરણા કરી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માગ કરી છે.વિદ્યાર્થીઓ અને યુવાઓ પરની ખોટી FIR બંધ કરોના પોસ્ટર સાથે કોંગ્રેસના નેતાઓએ ભાજપ હાય હાયના નારા લગાવ્યા છે. નરેન્દ્ર મોદી વીક છે, એટલે પેપર લીક છેના નારા સાથે રેલી નહેરુબ્રિજ પર પહોંચી છે.ધર્મેન્દ્ર પ્રધાન ઝાંકી હે અભી તો અમિત શાહ બાકી છેના કોંગ્રેસના નેતાઓએ નારા લગાવ્યા છે.પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ ગોહિલે જણાવ્યું કે, ભાજપની સરકાર દરેક વ્યક્તિ પર જુલમ ગુજારી રહી છે. NEET પેપરલીક થયું ત્યારે શાંતિપૂર્વક વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર પણ જુલમ ગુજારવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને ન્યાય આપવાના બદલે તેમના પર જુલમ, લાઠી અને ગોળીઓ વરસાવવામાં આવી હતી. રાહુલ ગાંધીએ રજૂઆત કરી તો તેમના સાથે પર દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. ફરજિયાત પડી તો કેન્દ્રી શિક્ષણમંત્રીનું રાજીનામુ લઈ લેવામાં આવ્યું હતું, જેથી અમારી માંગણી છે કે જે લોકોએ વિદ્યાર્થીઓ પર અત્યાચાર કર્યો તેમના પર કડક પગલા લેવામાં આવે અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ રાજીનામું આપે તેવી માંગણી છે.

> ધર્મેન્દ્ર પ્રધાન ઝાંકી હે અભી તો અમિત શાહ બાકી હૈ

### દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ કચ્છ અને દ્વારકામાં અછતની સ્થિતિ

# ગુજરાતમાં 69.36% વરસાદ; નવરાત્રિ સુધી આગાહી

| સૌરાષ્ટ્રમાં | ઉત્તર ગુજરાતમાં | દ.ગુજરાતમાં | કચ્છમાં |
|---|---|---|---|
| 54.47% | 51.16% | 95.74% | 29.05% |



**સિટી ન્યૂઝ@અમદાવાદ**

રાજ્યમાં જુલાઈના છેલ્લા સપ્તાહ દરમિયાન અનેક સ્થળે પડેલા ભારેથી અતિભારે વરસાદને પગલે જળાશયોમાં પાણીની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યની જીવાદોરી ગણાતા નર્મદા ડેમ સહિત અનેક જળાશયોમાં પાણીની નવી આવક થતાં ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો છે. જોકે, કેટલાક વિસ્તારોમાં હજુ પણ ઓછો વરસાદ હોવાને કારણે પાણીની તંગીની સંભાવના વર્તાઈ રહી છે. રાજ્યના ૨૦૬ જળાશયમાં હાલ કુલ સંગ્રહ ક્ષમતાના ૫૮.૯૬ ટકા (૩,૨૮,૯૬૦ mcft) પાણીનો જથ્થો ઉપલબ્ધ થયો છે. ભારે આવકના પગલે રાજ્યના ૩૪ ડેમ હાઈ એલર્ટ, ૮ ડેમ એલર્ટ અને ૧૦ ડેમ વોર્નિંગના તબક્કે છે. સાર્વત્રિક વરસાદ હોવા છતાં ૭૫ જળાશય એટલે કે, ૩૬.૮૯ ટકા ડેમ ૨૫ ટકાથી પણ ઓછા ભરાયેલા છે.

## 38 તાલુકામાં 100% વરસાદ 84 તાલુકામાં 50%થી ઓછો

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોમાં ભારે વરસાદના અનેક રાઉન્ડ બાદ હવે હવામાનમાં રાહતના સંકેતો જોવા મળી રહ્યા છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં ધોધમાર વરસાદથી પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી, જ્યારે કેટલાક જિલ્લાઓ હજુ પણ સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે. આ વચ્ચે હવામાન વિભાગ (IMD)એ જણાવ્યું છે કે, ૮ ઓગસ્ટ સુધી રાજ્યમાં ક્યાંય પણ ભારે વરસાદની આગાહી નથી.જોકે, સમગ્ર રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા રહેશે. રાજ્યમાં વરસાદનું વિતરણ હજુ પણ અસમાન છે. અત્યાર સુધી ૩૮ તાલુકામાં ૧૦૦ ટકા કે તેથી વધુ વરસાદ નોંધાયો છે, જ્યારે ૮૪ તાલુકામાં હજુ ૫૦ ટકા પણ વરસાદ થયો નથી. જિલ્લાવાર વાત કરીએ તો વલસાડ જિલ્લામાં સૌથી વધુ અંદાજે ૯૯ ઈંચ વરસાદ નોંધાયો છે, જ્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સૌથી ઓછો અંદાજે ૨ ઈંચ વરસાદ નોંધાયો છે.

## 206 જળાશયોમાંથી 34 ડેમ હાઈએલર્ટ મોડ ઉપર

મોરબીનો મચ્છુ-૨ અને બ્રાહ્મણી ડેમ, ભાવનગરનો શેત્રુંજી ડેમ, અને સુરેન્દ્રનગરના ધોળીધજા તથા ફાળકુ ડેમ ૧૦૦ ટકા ભરાઈ જવાથી હાઈ એલર્ટ પર છે. અમરેલીનો ધાતરવડી, ભરૂચનો ઢોલી, મહિસાગરનો વાણકબોરી, અને મોરબીનો બ્રાહ્મણી ડેમ હાલ ઓવરફ્લો થતાં નદીઓમાં પાણી છોડાઈ રહ્યું છે. ગયા વર્ષની સરખામણીએ ચાલુ વર્ષ ૨૦૨૬ના ઓગસ્ટના પ્રારંભિક દિવસોમાં સાર્વત્રિક અને ભારે વરસાદને કારણે ગુજરાતના જળાશયોમાં પાણીનો સંગ્રહ ૧૦થી ૧૨ ટકા વધારે જોવા મળ્યો છે. ગયા વર્ષે તા. ૨ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ૧૦૦ ટકા ભરાયેલા ડેમની સંખ્યા ૨૦ હતી. નર્મદા ડેમમાં જળસંગ્રહ ૬૯ ટકા જેટલો થયો હતો. ઉપરવાસમાં વરસી રહેલા ધોધમાર વરસાદને કારણે

**જળાશયોની વર્તમાન સ્થિતિ**

| જળ સંગ્રહ | ડેમની સંખ્યા |
|---|---|
| ૧૦૦ ટકા સંપૂર્ણ | ૨૫ |
| ૭૦ ટકાથી ૧૦૦ ટકા | ૨૭ |
| ૫૦ ટકાથી ૭૦ ટકા | ૩૨ |
| ૨૫ ટકા થી ૫૦ ટકા | ૪૭ |
| ૨૫ ટકા થી ઓછું | ૭૫ |

દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમમાં પાણીની મબલખ આવક થઈ રહી છે. છેલ્લા ત્રણ દિવસથી ડેમમાં સતત બે લાખ ક્યુસેકથી વધુ પાણી ઠલવાઈ રહ્યું છે. વધતી જળરાશિને પગલે સિંચાઈ વિભાગે વીજ ઉત્પાદન શરૂ કરી રવિવારથી ડેમનું એક હાઈડ્રો યુનિટ કાર્યરત કર્યું છે, જેમાંથી ૫,૬૫૬ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે. તાપી નદી પર આવેલા પ્રકાશા બેરેજની સપાટી પૂર્ણ ક્ષમતા નજીક પહોંચતાં તેના તમામ ૨૨ દરવાજા ખોલીને ૨.૦૧ લાખ ક્યુસેક પાણી તાપીમાં છોડાયું હતું. રાત્રિ દરમિયાન પણ ડેમમાં આવક જળવાઈ રહી હતી.

## વડોદરાની કૌટુંબિક સબંધોની શરમજનક ઘટના

# પત્નીને ઘરમાં પૂરી પતિ મેરેજ બ્યૂરોમાં સાળી સાથે પરણ્યો


AI IMAGE

**સિટી ન્યૂઝ@વડોદરા**

વડોદરા શહેરમાં કૌટુંબિક સંબંધોને શરમાવે તેવી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. પતિએ પોતાની જ સાળી સાથે પ્રેમસંબંધ બાંધીને બીજા લગ્ન કરી લીધા હોવાનો અને પત્ની પર મિલકત પોતાના નામે કરી આપવા માટે શારીરિક તેમજ માનસિક ત્રાસ ગુજાર્યો હોવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે પીડિત પરણિતાએ પોતાના પતિ અને નાની બહેન સામે વડોદરાના મહિલા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી મહિલાના લગ્ન ૯ માર્ચ, ૨૦૦૯ના રોજ કોર્ટ મેરેજ તેમજ મુસ્લિમ શરિયત મુજબ થયા હતા. લગ્નજીવન દરમિયાન દંપતીને બે પુત્રો થયા હતા અને શરૂઆતમાં બધું સરસ ચાલી રહ્યું હતું. જોકે, નવેમ્બર-૨૦૨૪થી પતિની વર્તણૂકમાં ફેરફાર આવ્યો હતો. તે પત્ની પર શંકા-વહેમ રાખી ઘરમાં પૂરીને બહારથી તાળું મારી જતો હતો. આ દરમિયાન મહિલાને પતિના મોબાઈલમાંથી પોતાની જ નાની બહેનના મેસેજ મળી આવ્યા હતા, જેથી બંને વચ્ચે વિવાદ શરૂ થયો હતો. નાની બહેનના પતિ સાઉદી અરેબિયા રહેતા હોવાથી તે અલગ ભાડાના મકાનમાં રહેતી હતી અને બહેનના ઘરે આવ-જા કરતી હતી. આ દરમિયાન પતિ અને સાળી વચ્ચે પ્રેમસંબંધ પાંગર્યો હતો.

પતિએ ૭ માર્ચ, ૨૦૨૫ના રોજ પત્નીના પિયરપક્ષ તરફથી મળેલા સોનાના દાગીના મુચ્યુઅલ ફાઈનાન્સમાં મૂકવાના બહાને લઈ લીધા હતા. ત્યારબાદ ૨૪ એપ્રિલ, ૨૦૨૫ના રોજ રાવપુરા રોડ પર આવેલા એક મેરેજ બ્યુરોમાં સાળી સાથે બીજા લગ્ન કરી લીધા હતા. લગ્ન કર્યા બાદ પતિ સાળી સાથે અલગ ભાડાના મકાનમાં રહેવા જતો રહ્યો હતો અને પત્ની તથા બાળકોનો ફોન નંબર બ્લોક કરી ઘરખર્ચ આપવાનું પણ બંધ કરી દીધું હતું. પતિ પત્નીને ધમકી આપતો હતો કે, "તારા નામે જે બે ઘર છે તે મારા નામે કરી દે, તો જ હું તારી સાથે રહીશ, નહીં તો તને તલાક આપી રસ્તે રખડતી કરી દઈશ." જ્યારે મહિલા પોતાના બાળકોના ભવિષ્ય માટે પતિ પાસે વિનંતી કરવા ગઈ, ત્યારે પતિએ તેની સાથે મારઝૂડ કરી હતી. એટલું જ નહીં, ૧૧ મે, ૨૦૨૬ના રોજ પિયર ગયેલી મહિલાને તેની નાની બહેને પણ ધમકી આપી હતી કે, "અસલમ મારો જ છે, તું તેને છોડી દે અને ઘર અસલમના નામે કરી દે, નહીં તો તારું અને તારા દીકરાઓનું જીવવું મુશ્કેલ કરી દઈશ. આ સમગ્ર વિવાદ મામલે મહિલાએ અગાઉ મહિલા પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. ત્યારબાદ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ (દિવાળીપુરા કોર્ટ) ખાતે પણ પ્રી-લિટિગેશન હેઠળ સમાધાનના પ્રયાસો હાથ ધરાયા હતા. પરંતુ કોઈ નિરાકરણ ન આવતાં આખરે પીડિત મહિલાએ પોતાના પતિ (અસલમ) અને નાની બહેન સામે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


AI IMAGE

## અમદાવાદ–ચાંદખેડા વિસ્તારની ઘટના

# પતિ અન્ય સ્ત્રી સાથે રંગેહાથ ઝડપાયો

## પત્નીને બચકા ભરી શારીરિક સબંધ બાંધવાની કોશિશ કરી


AI IMAGE

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતી પરિણીતાએ પતિ અને સાસુ સામે શારીરિક અને માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ નોંધાવી છે. પતિના અન્ય સ્ત્રી સાથે સંબંધ હતા, જેની પત્નીને જાણ થતા પતિએ બચકા ભરીને જબરજસ્તી શારીરિક સંબંધ બાંધવા પ્રયત્ન કર્યો હતો. પત્ની સાથે અવારનવાર ઝગડો કરી પતિ અને સાસુએ ઘરમાંથી કાઢી મૂકી હતી. આ મામલે ચાંદખેડા પોલીસે પરિણીતાની ફરિયાદ નોધી વધુ તપાસ હાથ ધરી છે.

ચાંદખેડામાં રહેતી ૪૩ વર્ષીય પરિણીતાએ ૨૦૧૨માં કોર્ટ મેરેજ કર્યા હતા. મહિલાનો પતિ ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો. ચાર વર્ષ અગાઉ મહિલા પતિના ફોનમાં અન્ય સ્ત્રી સાથેના પ્રેમભરીની વાતચીતના મેસેજ વાંચી લીધા હતા, પરંતુ તે સમયે પતિએ સાથે નોકરી કરતી હોવાનું જણાવી વાત પૂરી કરી દીધી હતી. બાદમાં પતિએ ફોનનો પાસવર્ડ બદલી નાખ્યો અને પીડિતાને ફોન આપવાનું બંધ કરી દીધું હતું. પતિ અવારનવાર ઘરે મોડો આવતો હતો, જેથી મહિલાએ મોડા આવવાનું કારણ પૂછતા ઝઘડો કરવા લાગ્યો હતો.

થોડા દિવસ અગાઉ પતિ અન્ય સ્ત્રી સાથે શાસ્ત્રીનગર ગાર્ડન પાસે ઝાડીની પાછળ ઉભો હતો. પરિણીતા અને તેના પિતા ત્યાંથી પસાર થતા બંનેને જોયા હતા. જો કે મહિલા પતિને વાત કરતા પતિએ તેણીની સાથે ઝઘડો કર્યો હતો. થોડા સમય અગાઉ પતિએ કહ્યું કે, તારે મારી સાથે રહેવું હોય તો હું કહું તેમ રહેવું પડશે. પતિએ મહિલાને લાફા મારી બેડ પર પાડી દીધી હતી. મહિલાને બચકા ભરીને જબરજસ્તી શરીર સંબંધ બાંધવાની કોશિશ કરી હતી. મહિલાના સાસુ પણ મહિલાના પતિનો પક્ષ લઈને ઝગડો કરતા હતા. જોકે થોડા સમય અગાઉ પતિ અને સાસુએ ભેગા મળી મહિલાને ઘરમાંથી કાઢી મૂકી હતી.


PRESENTED BY
Velvet Circle
સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
MEGA
HOUSIE
CARNIVAL
15 AUGUST
4:30 PM
REGISTRATION
OPEN
WIN THE GRAND PRIZE
PLAY BIG
WIN GOLD
REGISTRATION FEE
1000₹
SEASONS RAJKOT
4 MAN
WHERE LUXURY FEELS
ADANI SPICES
Creators of Taste
Organika Skin Clinic
SHREE HARI
Diamond & Polki
Upgrade
The Car Accessories Galleria
WILLOW WIND
EDUCATION
VIONIQ
vns
Valji Nathwani & Sons.
BHATTU'S
NAIL STUDIO
ORIZYgo
From Seed to Scalp.
Gaurav
JEWELLERS
AKRUTI
SALON & ACADEMY
BAN
SMILE
KRISHNA
Water Park & Resort
Lyqon

## નેપાળમાં EMF ગ્લોબલ ACE એવોર્ડ્સ 2026નું ભવ્ય સમાપન

# કાઠમંડુમાં ગુંજ્યું 'રાજકોટ'; મુદ્રા ઈવેન્ટ્સે રચ્યો એવોર્ડનો રેકોર્ડ

## મુદ્રા ઈવેન્ટ્સના મિતુલ દોંગાએ શિલ્પા શેટ્ટીના હસ્તે 7 એવોર્ડ મેળવ્યા



**એવોર્ડ કેટેગરી**

| | |
|---|---|
| વર્ષનું શ્રેષ્ઠ લગ્ન | ગોલ્ડ |
| વર્ષનું શ્રેષ્ઠ લગ્ન | ગોલ્ડ (બીજો) |
| વર્ષનું શ્રેષ્ઠ પ્રી-વેડિંગ | સિલ્વર |
| વર્ષનું શ્રેષ્ઠ પ્રોડક્શન હાઉસ | ગોલ્ડ |
| વર્ષનું શ્રેષ્ઠ પ્રોડક્ટ લોન્ચ | ગોલ્ડ |
| વર્ષનું શ્રેષ્ઠ કોકટેલ પાર્ટી | ગોલ્ડ |
| વર્ષનું શ્રેષ્ઠ રિસેપ્શન | બ્રોન્ઝ |





## ઈવેન્ટ મેનેજમેન્ટ, વેડિંગ પ્લાનિંગ અને એક્સપિરિયન્શિયલ માર્કેટિંગ ઉદ્યોગના 'ઓસ્કાર' સમાન એવોર્ડમાં રાજકોટની મુદ્રા ઈવેન્ટ્સે વૈશ્વિક મંચ પર દેખાડ્યો દમ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ઈવેન્ટ મેનેજમેન્ટ, વેડિંગ પ્લાનિંગ અને એક્સપિરિયન્શિયલ માર્કેટિંગ ઉદ્યોગના 'ઓસ્કાર' સમાન ગણાતા અત્યંત પ્રતિષ્ઠિત 'EMF ગ્લોબલ ACE કન્વેન્શન અને એવોર્ડ્સ ૨૦૨૬'નું તાજેતરમાં નેપાળના કાઠમંડુ ખાતે સફળતાપૂર્વક સમાપન થયું છે. 30 જુલાઈથી ૧ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન કાઠમંડુની જાણીતી હોટેલ 'ધ સોલટી' (The Soaltee) ખાતે યોજાયેલા આ આંતરરાષ્ટ્રીય મેગા-ઈવેન્ટે વૈશ્વિક ઈવેન્ટ ઇન્ડસ્ટ્રી માટે શ્રેષ્ઠતાના નવા માપદંડો સ્થાપિત કર્યા છે.

નેપાળમાં પ્રથમ વખત આયોજિત આ ભવ્ય આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં ૭ દેશોના ૫૫૦થી વધુ ડેલિગેટ્સે ભાગ લીધો હતો. આ ગ્લેમરસ એવોર્ડ સમારંભમાં ગુજરાતની ટોચની ઈવેન્ટ કંપનીઓમાં સ્થાન ધરાવતી 'મુદ્રા ઈવેન્ટ નેટવર્ક્સ' (Mudra Event Networks) નો દબદબો જોવા મળ્યો હતો. મુદ્રા ઈવેન્ટ્સે આ આંતરરાષ્ટ્રીય મંચ પર ૫ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મળીને કુલ ૭ શાનદાર એવોર્ડ્સ પોતાના નામે કર્યા હતા. સૌથી ગૌરવપૂર્ણ ક્ષણ એ હતી જ્યારે 'બેસ્ટ વેડિંગ ઓફ ધ યર'નો પ્રતિષ્ઠિત ગોલ્ડ એવોર્ડ મુદ્રા ઈવેન્ટ્સને જાણીતી બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને પીઢ અભિનેતા શક્તિ કપૂરની ઉપસ્થિતિમાં એનાયત કરવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૧૧ માં શરૂ થયેલી મુદ્રા ઈવેન્ટ નેટવર્ક્સ આજે માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વભરમાં કાર્યરત છે. કંપની ઈવેન્ટ પ્લાનિંગ, ઈવેન્ટ મેનેજમેન્ટ, આર્ટિસ્ટ મેનેજમેન્ટથી માંડીને ઇન-હાઉસ ડેકોર અને પ્રોડક્શન જેવી વ્યાપક સેવાઓ પૂરી પાડે છે. તેમની વિશેષતા ખાસ કરીને લક્ઝરી વેડિંગ, ડેસ્ટિનેશન વેડિંગ, અને નવરાત્રી જેવા સામાજિક ઉત્સવોમાં છે. આ ઉપરાંત, તેઓ કોર્પોરેટ અને સરકારી ઈવેન્ટ્સ પણ અત્યંત કુશળતાથી સંભાળે છે. રસપ્રદ વાત એ છે કે, મુદ્રા ઈવેન્ટ્સ માત્ર એક ઈવેન્ટ કંપની નથી, પરંતુ તે ઓઈલ મિલ, સોલવન્ટ એક્સટ્રેક્શન પ્લાન્ટ અને રિફાઇનરી, એન્જિનિયરિંગ સેક્ટર, બાંધકામ, એગ્રો કોમોડિટી, ટેક્સટાઇલ અને ફાઇનાન્સિયલ સોલ્યુશન્સ જેવા વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત એક વિશાળ બિઝનેસ ગ્રુપનો અવિભાજ્ય ભાગ છે.

૭ એવોર્ડ્સ અને એક અખૂટ ઝનૂન (૭ Awards. One Passion.) ના મંત્ર સાથે આગળ વધતી આ કંપનીની ભવ્ય સફળતાનો શ્રેય તેમની વિશાળ અને નિષ્ણાત ટીમને પણ જાય છે. ટીમ મુદ્રામાં અનુભવી ઈવેન્ટ પ્લાનર્સ, ઇન્ટિરિયર ડિઝાઇનર્સ, આર્કિટેક્ટ્સ, મેનેજમેન્ટ અને પ્રોડક્શન ટીમના સભ્યો સામેલ છે, જેઓ દરેક ઈવેન્ટને અનોખી અને યાદગાર બનાવવા રાત-દિવસ એક કરે છે. આ નિષ્ણાત ટીમના મજબૂત સપોર્ટ અને અદ્યતન ઇન-હાઉસ પ્રોડક્શન સુવિધાઓના જોરે જ મુદ્રા ઈવેન્ટ્સ આજે ઈવેન્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે ગુજરાતની અગ્રણી કંપની બનીને ગૌરવશાળી શિખરે બિરાજમાન છે.




### મિતુલ દોંગાનું પરફેક્ટ વિઝન સાથે અનુભવી ટીમે કંપનીને હટકે બનાવી

મુદ્રા ઈવેન્ટ નેટવર્ક્સની આ વૈશ્વિક સફળતા પાછળ તેના માર્ગદર્શક મિતુલ દોંગાનું એક અનોખું અને દૂરંદેશી વિઝન રહેલું છે. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોની પસંદગી અને આકાંક્ષાઓને બરાબર સમજીને, જૂની પરંપરાઓ અને વિધિઓની જાળવણી સાથે શ્રેષ્ઠ ઈવેન્ટ સોલ્યુશન્સ પ્રદાન કરવાનો છે. સંસ્કૃતિ અને આધુનિકતાનો આ સુંદર સમન્વય જ મુદ્રા ઈવેન્ટ્સને આજના સમયમાં અન્ય કંપનીઓથી હટકે અને વિશેષ બનાવે છે.

## અમદાવાદની ક્લબમાં સ્ટેટ મોનિટરિંગ સેલનો દરોડો

# જીમખાના ક્લબમાંથી હાઈપ્રોફાઈલ જુગારધામ ઝડપાયું

### 150થી વધુ જુગારીઓ જુગાર રમતા ઝડપાયા




**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં આવેલી મનપસંદ જીમખાના ક્લબમાં ચાલતા હાઈપ્રોફાઈલ જુગારધામનો પર્દાફાશ થયો છે. સ્થાનિક પોલીસને અંધારામાં રાખી સ્ટેટ મોનિટરીંગ સેલે પાડેલા દરોડોમાં ૧૫૦ જેટલા જુગારીઓ મોટા મુદ્દામાલ સાથે ઝડપાયા છે. પોલીસ દ્વારા હાલ મુદ્દામાલની ગણતરી કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.
દરિયાપુર વિસ્તારમાં આવેલી મનપસંદ જીમખાના ક્લબમાં જુગારધામ ચાલતુ હોવાની બાતમીના આધારે સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમ દ્વારા દરોડો પાડવામાં આવ્યા હતા. જુગારધામ પરથી ૧૫૦ જેટલા જુગારીઓને ઝડપી પાડી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ભૂતકાળમાં પણ અહીં ચાલતો જુગાર ઝડપા ચૂક્યો છે.
SMCએ દરોડો પાડતા સ્થાનિક પોલીસની કામગીરી પર સવાલ ઉઠ્યો છે.સ્ટેટ મોનિટરીંગ સેલ ના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં મોટા વાઘજીપુરા વિસ્તારમાં આવેલા મનપસંદ જીમખાના પ્રાઈવેટ લિમિટેડ નામથી ચાલતા ક્લબમાં મોટા પ્રમાણમાં જુગાર રમાતો હોવા અંગેની બાતમી સ્ટેટ મોનીટરિંગ સેલના ઉચ્ચ અધિકારીઓને મળી હતી. જેના આધારે અલગ અલગ પાંચથી વધુ ટીમો બનાવીને દરિયાપુરના મનપસંદ જિમખાના ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો. ત્રણ માળના મનપસંદ જીમખાના ક્લબમાં અલગ અલગ માળ ઉપર બેસીને જુગાર રમાતો હતો.જુગારધામમાં એક ટેબલ ઉપર પાંચથી સાત લોકો બેસીને જુગાર રમતા હતા. પોલીસ ત્રાટકતાની સાથે જ જુગારીઓમાં સોંપો પડી ગયો હતો.
જુગારધામમાં સીસીટીવી સહિતની તમામ સુવિધાઓ હોવાની જાણકારી મળી રહી છે. ઘટનાસ્થળ પરથી લકઝુરિય ગાડી સહિતનો મુદ્દામાલ મળી આવ્યાનું જાણવા મળ્યું છે. આ મામલે પોલીસ દ્વારા વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.નિર્લિપ્ત રાયના સમયે પણ ક્લબ પર કાર્યવાહી કરવામાં આવી હતી. ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલના ભૂતપૂર્વ વડા નિર્લિપ્ત રાય હતા ત્યારે ગુજરાતમાં અનેક મોટા ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં મનપસંદ જીમખાના ક્લબમાં દરોડો પાડવામાં આવ્યો હતો ત્યારે તેમાં પણ ગેરકાયદેસર બાંધકામ કરેલું હોવાને લઈને સ્ટેટ મોનેટરીંગ સેલની ટીમે કોર્પોરેશનને સાથે રાખીને બાંધકામ તોડાવડાવ્યું હતું. દરિયાપુર મનપસંદ જીમખાના ક્લબમાં ભૂતકાળમાં જ્યારે દરોડો પાડવામાં આવે ત્યારે અલગ અલગ મકાનોમાં માણસોને બેસાડીને ચલાવવામાં આવતો જુગાર ઝડપાયો હતો.

# બ્રિજભુષણસિંહ મહિલા કુસ્તીબાજ યૌન શોષણ કેસમાં નિર્દોષ

### 1133 દિવસ, 127 સુનાવણી બાદ રાઉઝ એવન્યુ કોર્ટે ચૂકાદો સંભળાવ્યો



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે સોમવારે મહિલા કુસ્તીબાજો સાથે સંકળાયેલા યૌન શોષણ કેસમાં ભાજપના નેતા બ્રિજભૂષણ શરણ સિંહને નિર્દોષ જાહેર કર્યા છે. એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અશ્વિની પંવારે સવારે ૧૦ વાગ્યે ચુકાદો સંભળાવ્યો. આ દરમિયાન કૈસરગંજના પૂર્વ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ અને ભારતીય કુસ્તી સંઘ (WFI)ના પૂર્વ સચિવ વિનોદ તોમર કોર્ટમાં હાજર રહ્યા હતા.
૨ જુલાઈ ૨૦૨૬ના રોજ બંને પક્ષોની દલીલો પૂર્ણ થયા બાદ કોર્ટે ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો. આ મામલો જાન્યુઆરી ૨૦૨૩માં સામે આવ્યો હતો. ત્યારથી અત્યાર સુધીમાં કુલ ૧૧૩૩ દિવસમાં કોર્ટમાં ૧૨૭ સુનાવણી થઈ છે. જેમાં ૨૦૨૩માં ૨૪, ૨૦૨૪માં ૩૭, ૨૦૨૫માં ૩૦ અને ૨૦૨૬માં ૩૬ સુનાવણીનો સમાવેશ થાય છે.બ્રિજભૂષણ ૨૦ જુલાઈ ૨૦૨૩થી નિયમિત જામીન પર હતા. ૧૦ મે ૨૦૨૪ના રોજ કોર્ટે દિલ્હી પોલીસની ચાર્જશીટના આધારે આરોપો ઘડ્યા હતા, ત્યારબાદ ટ્રાયલ શરૂ થઈ હતી.
ચુકાદા બાદ બ્રિજભૂષણનું પહેલું નિવેદન પણ સામે આવ્યું.
તેમણે કહ્યું- જજે કહ્યું કે બ્રિજભૂષણ અને વિનોદ તોમર, તમને સન્માનપૂર્વક નિર્દોષ જાહેર કરવામાં આવે છે. મેં પહેલા કહ્યું હતું કે જો કોઈ આરોપ સાબિત થશે તો હું ફાંસી પર લટકી જઈશ. મારા માટે ખુશીનો દિવસ છે. કોર્ટની કોપી મળ્યા પછી આગળ કહીશ. ધારાસભ્ય પુત્ર અને જમાઈ છે. બધા આવ્યા છે.ખરેખરમાં, મે ૨૦૨૩માં સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ બાદ પોલીસે ભાજપના પૂર્વ સાંસદ બ્રિજભૂષણ વિરુદ્ધ FIR નોંધી હતી. ૬ ખેલાડીઓએ ફરિયાદ નોંધાવી હતી. એક સગીર કુસ્તીબાજે બાદમાં પોતાની ફરિયાદ પાછી ખેંચી લીધી હતી અને નિવેદન બદલી નાખ્યું હતું. આરોપો નક્કી કરવા પર સુનાવણી દરમિયાન બ્રિજભૂષણ સિંહે કહ્યું હતું કે આ મામલો ખોટો અને પ્રેરિત છે.ચુકાદા બાદ પૂર્વ સાંસદ જ્યારે પોતાના નિવાસસ્થાને પહોંચ્યા, ત્યારે સમર્થકોએ તેમના પર ફૂલો વરસાવ્યા.
અબીલ-ગુલાલ લગાવીને તેમનું સ્વાગત કર્યું. રિપોર્ટરે પૂછ્યું કે તમારા માટે આ કેટલી મોટી ખુશીની ક્ષણ છે? આના પર બ્રિજભૂષણ બોલ્યા- જે રામે રચ્યું હશે તે જ થશે. પુત્ર કરણ ભૂષણે ફેસબુક પર પોસ્ટ કર્યું. લખ્યું- ષડયંત્ર નિષ્ફળ ગયું, સત્યનો વિજય થયો. પિતાજી સન્માનપૂર્વક નિર્દોષ છૂટ્યા. સત્યમેવ જયતે! ત્યાં જ, WFIના અધ્યક્ષ સંજય કુમાર સિંહે કહ્યું- "બ્રિજભૂષણ પર ખોટા આરોપો લગાવવામાં આવ્યા હતા.

# દેશમાં વરસાદનું તાંડવ

## બિહાર-ઝારખંડમાં વીજળી પડવાથી 10નાં મોત





**સિટી ન્યૂઝ@પટના**

દેશના અનેક રાજ્યોમાં સતત વરસાદને કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે. હવામાન વિભાગે સોમવારે યુપી, બિહાર, છત્તીસગઢ સહિત કુલ ૧૮ રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. અનેક વિસ્તારોમાં ભારે વરસાદ, વીજળી અને તેજ પવનની સંભાવના વચ્ચે વહીવટી તંત્રને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે.

બિહાર અને ઝારખંડમાં રવિવારે પડેલી વીજળીએ ભારે તબાહી મચાવી હતી. બંને રાજ્યોમાં અલગ-અલગ ઘટનાઓમાં કુલ ૧૦ લોકોનાં મોત થયા હોવાનું સામે આવ્યું છે. અધિકારીઓએ લોકોને ખુલ્લા મેદાનો અને વૃક્ષોની નજીક ન જવાની અપીલ કરી છે.

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં સતત વરસાદને કારણે ભૂસ્ખલનનું જોખમ વધી ગયું છે. કેદારનાથ અને બદ્રીનાથ નજીકના અનેક વિસ્તારોને ડેન્જર ઝોન જાહેર કરવામાં આવ્યા છે, જેના કારણે યાત્રાળુઓ અને સ્થાનિક લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

રાજસ્થાનમાં પણ ભારે વરસાદ બાદ અજમેર, જોધપુર અને બાડમેર સહિતના શહેરોમાં રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાથી વાહનવ્યવહાર પર અસર જોવા મળી રહી છે અને લોકોને સાવચેતી રાખવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ અનેક રાજ્યોમાં વરસાદી માહોલ યથાવત રહેવાની આગાહી કરી છે. ભારે વરસાદ, વીજળી અને ભૂસ્ખલનની શક્યતાઓને ધ્યાનમાં રાખીને નાગરિકોને માત્ર અધિકૃત સૂચનાઓનું પાલન કરવા અને બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપવામાં આવી છે.



## કેરળ-કર્ણાટકમાં ભારે વરસાદ ભૂસ્ખલનથી 12નાં મોત



**સિટી ન્યૂઝ@બેંગ્લુરુ**

દેશના ઘણા રાજ્યોમાં સતત વરસાદને કારણે જનજીવનને અસર થઈ છે. કેરળમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલન અને પૂરથી ૮ લોકોના મોત થયા છે, જ્યારે ૮ લોકો ગુમ છે. સરકારે ૨૦૯ રાહત શિબિરો બનાવ્યા છે, જ્યાં ૫,૭૯૨ લોકોને સુરક્ષિત રીતે પહોંચાડવામાં આવ્યા છે.

કર્ણાટકના શિવમોગ્ગા જિલ્લામાં રવિવારે સવારે ભૂસ્ખલનમાં એક જ પરિવારના ત્રણ લોકોના મોત થયા. મૃતકોમાં મલ્લિકાર્જુન (૩૫), તેમની પત્ની નાગવેણી (૨૮) અને ૩ વર્ષનો પુત્ર સંતોષનો સમાવેશ થાય છે. દુર્ઘટના સમયે ત્રણેય પહાડી પાસેના ઘરમાં સૂઈ રહ્યા હતા.


જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના છતરુ વિસ્તારમાં શનિવારે વાદળ ફાટવાને કારણે અચાનક પૂર આવ્યું. ઘણા મકાનો અને દુકાનોને નુકસાન થયું, બે કાર તણાઈ ગઈ અને રસ્તાઓ પર કાટમાળ ભરાઈ ગયો. સાવચેતીના ભાગરૂપે કિશ્તવાડ, ડોડા અને રામબાનની તમામ સ્કૂલો બંધ કરી દેવામાં આવી છે. જ્યારે ઉત્તરકાશીમાં યમુનોત્રી નેશનલ હાઈવે પર ભૂસ્ખલન થયું. ચમોલીના ગૌચર પાસે કમેડામાં બદ્રીનાથ હાઈવેનો ૨૦ મીટરનો ભાગ ધસી પડ્યો, જેના કારણે વાહનવ્યવહાર વન-વે કરી દેવામાં આવ્યો છે.

સુરત અને મોરબી સહિત ગુજરાતના ઘણા ભાગોમાં શનિવારે થયેલા ભારે વરસાદ પછી ૨૭,૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા. જ્યારે, ૫૩ લોકોને બચાવવામાં આવ્યા. સુરતના અંબિકા તાલુકામાં ૨૪ કલાકમાં ૬૧૧ મિમી વરસાદ થયો.

હવામાન વિભાગ (IMD) એ જણાવ્યું છે કે રવિવારથી અરુણાચલ પ્રદેશના ઘણા જિલ્લાઓમાં પણ ભારે વરસાદ અને વાવાઝોડાની સંભાવના છે.









### કંગના રનૌતની નવી કન્ટ્રોવર્સી


# સોનાક્ષી ખિસ્સાકાતરૂં જેવી લાગે છે!

## Gen-Z બાદ હવે બોલિવૂડ એક્ટ્રેસને આડે હાથ લીધી : કહ્યું તે 'જાડી જિહાદી' છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર સતત વિવાદાસ્પદ નિવેદનો આપી રહેલી કંગના રનૌતે હવે નામ લીધા વિના એક એક્ટ્રેસ માટે અપમાનજનક ટિપ્પણી કરી છે. તેણે એક્ટ્રેસના દેખાવની સરખામણી ખિસ્સાકાતરુ સાથે કરતા તેની ભાષા, પતિ અને પહેરવેશ પર સવાલો ઊભા કર્યા છે.

કંગનાએ તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક પોસ્ટ રી-શેર કરી છે, જેમાં લખ્યું છે, નામ નહીં લઉં પણ એક જાડી જિહાદી કૂદી કૂદીને NEET વિરોધ પ્રદર્શન પર વીડિયો બનાવી રહી હતી. પણ ઝારખંડ વિરોધ પ્રદર્શનના સમયે મોં બંધ છે. આ પોસ્ટને કંગનાએ લાઈક કરી અને પછી તેની સાથે લખ્યું છે, મારા વિશે પણ આ પ્રકારના ઘણા નકલી સમાચાર ફેલાવવામાં આવી રહ્યા છે. આ પણ સંપૂર્ણપણે ખોટી છે. હું કોઈને શરમાવવા માંગતી નથી, પરંતુ મેં જોયું છે કે આજકાલ એક એક્ટ્રેસ એવા કપડાં પહેરે છે અને એવી રીતે વાત કરે છે જાણે કોઈ ખિસ્સાકાતરુ હોય. તે હાફ પેન્ટ, ઊંધી કેપ પહેરે છે અને પ્રદર્શનકારીઓના ગટરછાપ વર્તનનું જોશભેર સમર્થન કરતા ખિસ્સાકાતરુ જેવી ભાષા બોલે છે. આગળ કંગનાએ લખ્યું, મને હંમેશા લાગે છે કે તમે જે પ્રકારના કપડાં પહેરો છો, તેની સીધી અસર તમારી વિચારસરણી અને વ્યક્તિત્વ પર દેખાય છે. મારી પ્રિય સાથી એક્ટ્રેસ, જો તમારો પુરુષ સાથી તમને ખિસ્સાકાતરુ જેવો અનુભવ કરાવી રહ્યો છે, તો મને અફસોસ છે. તમે પહેલા ખૂબ જ સારાં કપડાં પહેરતા હતા અને અત્યંત શાલીનતાથી વાત કરતા હતા. તમને શું થઈ ગયું? તમારો અભિપ્રાય તમારો પોતાનો છે, પરંતુ તમારી સ્ટાઈલ પર થોડું વધુ ધ્યાન આપો. જો તમને મદદની જરૂર હોય, તો હું હંમેશા તમારા માટે હાજર છું. પોસ્ટ શેર કર્યા પછી કંગનાએ એક વીડિયો જાહેર કરીને કહ્યું છે કે કેટલીક સાથી એક્ટ્રસે હંમેશા ધર્મ અને રાજકારણના મુદ્દે તટસ્થ રહે છે, પરંતુ ઈસ્લામવાદીઓ સાથે સંબંધ રાખ્યા પછી અને લગ્ન પછી તરત જ ડાબેરી કટ્ટરપંથી બની જાય છે.




કંગનાએ કહ્યું છે, એમાં કોઈ વાંધો નથી. બંધારણ તેની પરવાનગી આપે છે, પરંતુ મુશ્કેલી એ છે કે હું એક મોડરેટ હિંદુ હતી. તો મને હવે સંઘી બનવા પર કટાક્ષ કેમ કરવામાં આવે છે. હું કેમ કન્વર્ટ ન થઈ શકું. કંગનાએ વીડિયોમાં કહ્યું છે કે તે વર્ષો પહેલા મોડર્ન હતી, પરંતુ હવે એક કટ્ટર હિંદુ બની રહી છું, તો એમાં બીજાને શું વાંધો છે.

સોનાક્ષી સિન્હા તે પસંદગીની એક્ટ્રેસમાં સામેલ છે, જેણે વિરોધ પ્રદર્શનનું ખુલ્લેઆમ સમર્થન કર્યું અને સ્પષ્ટ અભિપ્રાય આપ્યો. વિરોધ પ્રદર્શન પર વાત કરવા બદલ સોનાક્ષીને ખૂબ પ્રશંસા મળી હતી. તેણે વિરોધ પ્રદર્શન પર ઘણા વીડિયો બનાવ્યા, જેમાં મોટાભાગે તે શોર્ટ્સ અને કેપ પહેરેલી હતી. સ્ટુડન્ટ પ્રોટેસ્ટ પર ભાજપ સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌત સતત વિવાદાસ્પદ નિવેદનો આપી રહી છે. થોડા સમય પહેલા જ તેણે GenZ છોકરીઓને ગટરછાપ જનરેશન કહી હતી અને સાથે જ કહ્યું હતું કે આ જનરેશનની મહિલાઓ ઘણા પુરુષો સાથે યૌન સંબંધ બાંધવાને આઝાદી કહે છે. તે હાઉસવાઈફ પણ બની શકતી નથી. સાથે જ તેણે કહ્યું કે યુવાન છોકરીઓને ઝડપથી સેક્સ્યુઅલાઈઝ કરવામાં આવી રહી છે.



# ‘ચાયવાલા’ના સ્થાપક રોહિત શર્માએ કરી આત્મહત્યા

## 30 વર્ષીય ઉદ્યોગપતિએ ગળાફાંસો ખાધો : કારણ હજુ અકબંધ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

રાજસ્થાનના દૌસાથી દુઃખદ સમાચાર સામે આવ્યા છે, જ્યાં લોકપ્રિય ચા કાફે ચેઇન "ચાયવાલાઝ" ના સ્થાપક રોહિત શર્માનું શનિવારે અવસાન થયું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, 30 વર્ષીય ઉદ્યોગપતિ રોહિત શર્મા તેમના ઘરમાં લટકતો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રારંભિક તપાસમાં આ ઘટના આત્મહત્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે. ઘટનાનું ચોક્કસ કારણ હાલમાં અજ્ઞાત છે.

જોકે પોલીસે મૃતદેહને કસ્ટડીમાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો, પરંતુ પોસ્ટમોર્ટમ પૂર્ણ થયા બાદ તેને પરિવારને સોંપવામાં આવ્યો હતો. હાલમાં આ કેસની તપાસ ચાલુ છે, અને પોલીસ તપાસના તમામ પાસાઓ પર વિચાર કરી રહી છે.શું છે આખો મામલો?ઉદ્યોગપતિ રોહિત શર્મા પોતાના પરિવાર સાથે




દૌસાના સાકેત કોલોનીમાં રહેતા હતા. અચાનક, શનિવારે બપોરે, તેમના પરિવારે તેમને તેમના ઘરમાં મૃત હાલતમાં જોયા. આ જોઈને, તેઓ તાત્કાલિક તેમને નજીકના જિલ્લા હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં ડોક્ટરોએ તપાસ કરતાં તેમને મૃત જાહેર કર્યા.૧૭ વર્ષની ઉંમરે શરૂ થઈ હતી યાત્રારોહિત શર્માએ ખૂબ જ નાની ઉંમરે ઉદ્યોગસાહસિકતાનો માર્ગ પસંદ કર્યો.

નર્સિંગનો અભ્યાસ કરતી વખતે, તેમણે ૧૭ વર્ષની ઉંમરે જયપુરના માનસરોવર વિસ્તારમાં પોતાનું પહેલું ચાયવાલા આઉટલેટ ખોલ્યું. આ તેમની વ્યવસાયિક યાત્રાની શરૂઆત હતી. ગ્રાહકોની વધતી સંખ્યા સાથે, તેમણે ધીમે ધીમે તેમની બ્રાન્ડને ઘણા શહેરોમાં વિસ્તારી. ઘણા શહેરોમાં કાફે ખોલવામાં આવ્યારોહિત શર્માએ છેલ્લા કેટલાક વર્ષોમાં લગભગ સાત ચાયવાલા કાફે આઉટલેટ ખોલ્યા હતા. તેમની બ્રાન્ડને મજબૂત ફોલોઅર્સ મળ્યા હતા. જોકે, અહેવાલો સૂચવે છે કે તેમણે લગભગ છ મહિના પહેલા તેમના બધા આઉટલેટ બંધ કરી દીધા હતા. પરિવારમાં કોણ છે?રોહિત શર્મા પોતાના માતા-પિતા, પત્ની અને સાત વર્ષના દીકરાને છોડી ગયા છે.તેમના પિતા હિતેન્દ્ર મોહન શર્મા એક મેડિકલ સ્ટોર ચલાવે છે.તેમની પત્ની એક ખાનગી શાળામાં શિક્ષિકા છે.

## મુખ્યમંત્રીના કાકાએ કરી આગાહી

# દેવેન્દ્ર ફડણવીસ વડાપ્રધાન બનશે

**સિટી ન્યૂઝ@મુંબઈ**





મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના જીવન પર લખાયેલું પુસ્તક ‘દેવાભાઉ’ ગઈ કાલે પુણેમાં લોકાર્પણ થયું હતું. એ પ્રસંગે તેમના કાકા બાળાસાહેબ ફડણવીસે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ‘મારો ભત્રીજો આજે નહીં તો કાલે ભારતનો પ્રાઇમ મિનિસ્ટર બનશે એવું મને લાગે છે. તે બની શકે છે. રિટાયર્ડ બૅન્કર બાળાસાહેબ ફડણવીસે મુખ્ય પ્રધાનનો મિજાજ શૅર કરતાં કહ્યું હતું કે ‘મારો ભત્રીજો અતિશય ધીરગંભીર છે, પણ જ્યારે તે ઘરે હોય છે ત્યારે મસ્તી કરતો રહે છે.

તે ઘરમાં રાજકારણની વાત જ નથી કરતો, કુટુંબને લગતી વાતો કરતો હોય છે અને એ વખતે તે એકદમ ફ્રી હોય છે. દેવેન્દ્ર ફડણવીસે લૉમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે અને તે બહુ જ સારો વક્તા છે. જનસંઘમાં જોડાયા પહેલાં તેણે નાગપુરમાં જાણીતા લૉયર સાથે કામ કર્યું હતું અને ત્યારથી તેના જીવનમાં પરિવર્તન આવ્યું હતું. મને નથી લાગતું એટલી નાની ઉંમરમાં કોઈ ચૂંટાઈ આવ્યું હોય.’

ઉલ્લેખનીય છે કે ૧૯૯૭માં દેવેન્દ્ર ફડણવીસ ૨૭ વર્ષની ઉંમરે નાગપુર મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ચૂંટાઈ આવ્યા હતા અને દેશના બીજા નંબરના સૌથી નાની ઉંમરના મેયર બન્યા હતા. બાળાસાહેબ ફડણવીસનું આ સ્ટેટમેન્ટ એવા સમયે આવ્યું છે જ્યારે થોડા સમય પહેલાં ભૂતપૂર્વ કેન્દ્રીય એજ્યુકેશન મિનિસ્ટર ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યું અને એ વખતે દેવેન્દ્ર ફડણવીસનું નામ તેમના અનુગામી તરીકે ચર્ચાયું હતું.



# ઝારખંડમાં પેપર-લીક મુદ્દે હજારો વિદ્યાર્થીઓ રસ્તા પર

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

નવી દિલ્હીના જંતર મંતરમાં નૅશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ-અન્ડરગ્રૅજ્યુએટ (NEET-UG) પેપર-લીકના મુદ્દે વિરોધ બાદ હવે ઝારખંડમાં પેપર-લીક અને પરીક્ષામાં ગેરરીતિઓ સામે હજારો વિદ્યાર્થીઓએ રસ્તા પર ઊતરી આવીને વિરોધ નોંધાવ્યો છે. રાજ્યના પાટનગર રાંચીમાં વિદ્યાર્થીઓએ ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન (JPSC) અને ઝારખંડ સ્ટાફ સિલેક્શન કમિશન (JSSC) પરીક્ષાના પેપર-લીકના વિરોધમાં કૅન્ડલ-માર્ચ કાઢી હતી અને મુખ્ય પ્રધાન હેમંત સોરેનના રાજીનામાની માગણી કરી હતી.

આ આંદોલનને કારણે ઝારખંડમાં હાઈ અલર્ટ જાહેર કરવામાં આવી છે. JPSC અને JSSC કૅન્ડિડેટ્સ જસ્ટિસ ફોરમના બૅનર હેઠળ પચીસમી જુલાઈથી રાંચીની બાપુવાટિકા ખાતે વિરોધ-પ્રદર્શન ચાલી રહ્યું છે અને રાજ્યભરના ઉમેદવારો અને કોચિંગ સંસ્થાઓ તરફથી એને સમર્થન મળી રહ્યું છે. નવી દિલ્હીમાં જંતર મંતર ખાતે થયેલા મોટા વિરોધ-પ્રદર્શન બાદ વિદ્યાર્થી જૂથ જેન-ઝી દ્વારા જો તેમની માગણીઓ પૂરી ન થાય તો અનિશ્ચિત સમય માટે ભૂખહડતાળની અને ૬ ઑગસ્ટે ઝારખંડ વિધાનસભા તરફ કૂચ કરવાની તૈયારી કરવામાં આવી છે.

### વિદ્યાર્થીઓનો વિરોધ શા માટે?

- JPSC ભરતી પરીક્ષાઓમાં કથિત અનિયમિતતા.
- સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન દ્વારા તપાસની માગણી, માત્ર ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ
- (CID)ની તપાસ અપૂરતી છે.
- ભરતી ભ્રષ્ટાચારમાં કથિત રીતે સંડોવાયેલા લોકો સામે કાર્યવાહી.
- ભરતી-પ્રક્રિયાઓ સમયબદ્ધ પૂરી કરવી.
- ભવિષ્યની સરકારી ભરતીઓમાં વધુ પારદર્શિતા.

સિટી ન્યૂઝ
રાષ્ટ્રનો ધબકાર...
03 AUGUST 2026, MONDAY
17

**ગ્લેમરનું સત્યઃ આકાંક્ષા ચૌધરીનો ચોંકાવનારો ખુલાસો**

# ગ્લેમર વર્લ્ડમાં કામ સામે 'સુવું' પડે !




## આકાંક્ષાએ પોતાનો ભૂતકાળનો કડવો અનુભવ શેર કર્યોઃ ઈન્ડસ્ટ્રીના કાસ્ટિંગ કાઉચના સ્ફોટક પર્દાફાશ

ગ્લેમર અને ફેશન ઈન્ડસ્ટ્રી બહારથી જેટલી ઝાકઝમાળ ભરેલી દેખાય છે, તેની પાછળનું સત્ય ક્યારેક એટલું જ ભયાનક અને ચોંકાવનારું હોય છે. મોડેલિંગ કે એક્ટિંગના ક્ષેત્રમાં પોતાની ઓળખ બનાવવા માંગતા નવયુવાનોએ ક્યારેક એવા રસ્તાઓ કે પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે જેની તેમણે ક્યારેય કલ્પના પણ નથી કરી હોતી.તાજેતરમાં જ રિયાલિટી શો સ્પ્લિટ્સવિલા અને લૉક અપ ૨ ની સ્પર્ધક રહી ચૂકેલી મોડેલ અકાંક્ષા ચૌધરીએ પોતાના ભૂતકાળનો એક એવો કડવો અનુભવ શેર કર્યો છે, જેણે આ ઈન્ડસ્ટ્રીના કાસ્ટિંગ કાઉચ અને શોષણના કડવા સત્યને ફરી એકવાર લોકો સમક્ષ લાવી દીધું છે.અકાંક્ષાએ શોમાંથી બહાર થતાં પહેલાં ખુલાસો કર્યો હતો કે પોતાની કારકિર્દીના પ્રારંભિક દિવસોમાં, જ્યારે તેને આર્થિક મદદની સખત જરૂર હતી, ત્યારે બ્યુટી પેજન્ટ ઈન્ડસ્ટ્રીના એક ખૂબ જ પ્રભાવશાળી વ્યક્તિએ તેની આ લાચારીનો ગેરલાભ ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો અને પૈસાના બદલામાં શારીરિક સંબંધ બાંધવાની માંગ કરી હતી.અકાંક્ષા ચૌધરીએ પોતાની આપવીતી જણાવતાં કહ્યું કે, આ ઘટના એ સમયની છે જ્યારે તે મોડેલિંગ ક્ષેત્રમાં નવી હતી અને એક મોટા બ્યુટી પેજન્ટ (સૌંદર્ય સ્પર્ધા) માં ભાગ લેવા માટે તૈયારી કરી રહી હતી.



### ઘરમાં પ્રવેશતા જ અયોગ્ય વર્તન અને શારીરિક સ્પર્શ

પરંતુ, ઘરે પહોંચ્યા પછી જે બન્યું તેની અકાંક્ષાએ સ્વપ્નેય કલ્પના કરી નહોતી. અકાંક્ષાના જણાવ્યા અનુસાર, જેવો તે ઘરમાં ગઈ કે તરત જ પેલા વ્યક્તિએ તેની સાથે અયોગ્ય વર્તન કરવાનું શરૂ કરી દીધું.પોતાના અનુભવને યાદ કરતાં અકાંક્ષાએ કહ્યું, "હું જ્યારે ગઈ ત્યારે તે આવ્યા. તેમણે પહેલા મને સામાન્ય ગળે મળવા (હગ કરવા) માટે અભિગમ અપનાવ્યો, પરંતુ હગ કરવાને બદલે તેમણે મને ધક્કો માર્યો અને પકડી લીધી." અકાંક્ષાએ આગળ જણાવ્યું કે તેણે સતત પોતાને છોડાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે વ્યક્તિ તેને પકડી રાખવાની કોશિશ કરી રહ્યો હતો. અકાંક્ષાએ કહ્યું, "તે ઉંમરમાં ઘણો મોટો (વૃદ્ધ) હતો, એટલે મેં હિંમત કરીને તેનો હાથ જોરથી પકડ્યો અને આંચકો મારીને પોતાને તેનાથી દૂર કરી."



### ઈન્ડસ્ટ્રીની કાસ્ટીંગ કાઉચ પર સવાલો

અકાંક્ષાએ જ્યારે આ ઘટના શેર કરી ત્યારે ત્યાં હાજર અન્ય કન્ટેસ્ટન્ટ્સ અને દર્શકો પણ હેરાન રહી ગયા હતા. અકાંક્ષાએ પોતાના આક્ષેપોમાં એ વ્યક્તિના નામે કોઈ જાહેરાત કરી નથી અને આ દાવાની કોઈ સ્વતંત્ર ચકાસણી પણ થઈ નથી, પરંતુ આ ઘટના એ વાત સાબિત કરે છે કે ગ્લેમર ક્ષેત્રમાં આજે પણ સંઘર્ષરત કલાકારોની લાચારીનો ગેરલાભ ઉઠાવનારા લોકો અસ્તિત્વ ધરાવે છે.

### પૈસાના બદલામાં શારીરિક સંબંધની ખુલ્લેઆમ માંગ

માત્ર અયોગ્ય સ્પર્શ જ નહીં, પરંતુ એ પછી પેલા વ્યક્તિએ અકાંક્ષા સામે જે શરત મૂકી તે સાંભળીને કોઈપણ શોક થઈ જાય. અકાંક્ષાના આક્ષેપ મુજબ, પેલા પ્રભાવશાળી વ્યક્તિએ તેને આર્થિક મદદ આપવાના બદલામાં સ્પષ્ટપણે શારીરિક સંબંધ બાંધવાની માંગ કરી. અકાંક્ષાએ શોમાં આ ખુલાસો કરતાં કહ્યું, "તેણે મને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે હું તને આટલા પૈસા આપી રહ્યો છું, પણ તેના બદલામાં તારે મારી સાથે શારીરિક સંબંધ બાંધવો પડશે. વાત માત્ર આટલેથી જ ન અટકી, તેણે તો આખી ટાઈમલાઈન નક્કી કરી દીધી હતી. તેણે કહ્યું કે એક મહિનામાં તારે મારી સાથે ૫ થી ૬ વાર સૂવું પડશે." પૈસાની મદદ માટે આ રીતે મહિનામાં કેટલી વાર સંબંધ બાંધવો પડશે તેની શરતો સાંભળીને અકાંક્ષા સ્તબ્ધ થઈ ગઈ હતી.

## મેકર્સને રામલીલા મહાસંઘની ચેતવણી

# રણબીરની 'રામાયણ' રિલીઝ પહેલા ફિલ્મ બતાવવા માંગ

## વિવાદાસ્પદ દ્રશ્યો ન હટાવવા પર સિનેમાઘરોની બહાર પ્રદર્શન થશે

**સિટી ન્યૂઝ@મુંબઈ**

રણબીર કપૂર, સની દેઓલ અને યશ અભિનીત ફિલ્મ 'રામાયણ'ને લઈને વિવાદ શરૂ થઈ ગયો છે. શ્રી રામલીલા મહાસંઘે ફિલ્મના ડિરેક્ટર નિતેશ તિવારી અને પ્રોડક્શન કંપનીને પત્ર લખીને ચેતવણી આપી છે. મહાસંઘના અધ્યક્ષ અર્જુન કુમારે માંગ કરી છે કે આ દિવાળી પર દેશ-વિદેશમાં રિલીઝ થાય તે પહેલાં આ ફિલ્મ તેમના પ્રતિનિધિમંડળને બતાવવામાં આવે.

મહાસંઘનું કહેવું છે કે તેમને મળેલી માહિતી મુજબ ફિલ્મમાં એવા ઘણા દ્રશ્યો હોઈ શકે છે, જે હિંદુઓની ભાવનાઓને ઠેસ પહોંચાડી શકે છે. જો વિવાદાસ્પદ દ્રશ્યો હટાવવામાં નહીં આવે તો સિનેમાઘરોની બહાર પ્રદર્શન કરવામાં આવશે. જોકે, અત્યાર સુધી ડિરેક્ટર નિતેશ તિવારી કે ફિલ્મના પ્રોડક્શન હાઉસ તરફથી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

શ્રીરામલીલા મહાસંઘના અધ્યક્ષ અર્જુન કુમારે પત્રમાં જણાવ્યું હતું કે



ફિલ્મને સિનેમાઘરોમાં રજૂ કરતા પહેલા એક વિશેષ શોમાં મહાસંઘને બતાવવામાં આવે. મહાસંઘ એ નક્કી કરવા માંગે છે કે ફિલ્મમાં ભગવાન રામ, રામાયણના પાત્રો કે સનાતન ધર્મ સાથે જોડાયેલું કોઈ ખોટું ચિત્રણ કે સંવાદ તો નથી ને. અર્જુન કુમારે ચેતવણી આપી છે કે જો મેકર્સે તેમની માંગણી ન માની, તો દિલ્હી સહિત દેશના અન્ય રાજ્યોમાં સિનેમાઘરોની બહાર હિંદુ સંગઠનો સાથે મળીને હજારો કાર્યકરો વિરોધ પ્રદર્શન અને ધરણા કરશે.

મહાસંઘે પોતાના પત્રમાં વર્ષ ૨૦૨૩માં આવેલી ફિલ્મ 'આદિપુરુષ'નું ઉદાહરણ આપ્યું છે. અર્જુન કુમારે યાદ અપાવ્યું કે ભૂષણ કુમારના પ્રોડક્શન અને પ્રભાસ-સૈફ અલી ખાન સ્ટારર આ ફિલ્મના ઘણા દ્રશ્યો પર સનાતન સમાજ અને રામલીલા સાથે જોડાયેલા લોકોએ સખત વિરોધ નોંધાવ્યો હતો. તે ફિલ્મમાં સોનાની લંકાને કાળી બતાવવામાં આવી હતી અને મહાજ્ઞાની રાવણ અને તેની સેનાનું ચિત્રણ મંગોલ લૂંટારાઓની જેમ કરવામાં આવ્યું હતું. આ ભારે વિરોધને કારણે કરોડોના બજેટમાં બનેલી તે ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ હતી. ફિલ્મ 'રામાયણ'માં બોલિવૂડ અને સાઉથ સિનેમાના મોટા કલાકારો એકસાથે જોવા મળવાના છે. રણબીર કપૂર ફિલ્મમાં ભગવાન રામની ભૂમિકામાં છે, જ્યારે સાઈ પલ્લવી માતા સીતાનું પાત્ર ભજવી રહી છે. સાઉથ સુપરસ્ટાર યશ આ ફિલ્મમાં રાવણના રોલમાં જોવા મળશે. આ ઉપરાંત સની દેઓલ હનુમાનની ભૂમિકામાં છે, જ્યારે રવિ દુબે લક્ષ્મણના પાત્રમાં જોવા મળશે. ફિલ્મમાં અરુણ ગોવિલ, લારા દત્તા, રકુલ પ્રીત સિંહ, વિવેક ઓબેરોય અને કુણાલ કપૂર પણ મહત્વની ભૂમિકાઓમાં સામેલ છે.

---

### લોકો પ્રશ્ન પૂછી રહ્યા છે ત્રેતાયુગમાં આવા વસ્ત્રો ક્યાં હતા



# 'રામાયણ'નું ટ્રેલર રિલીઝ બાદ સાડી ચર્ચામાં

» **સાઈ પલ્લવી, લારાદત્તા અને રકુલ પ્રીત સિંહની સિલ્કની સાડી**

**સિટી ન્યૂઝ@મુંબઈ**

'રામાયણ'નું ટ્રેલર રિલીઝ થયા બાદથી સતત ચર્ચામાં છે. આ ટ્રેલરની રિલીઝ પછી સાઈ પલ્લવી, લારા દત્તા અને રકુલ પ્રીત સિંહના કૉસ્ચ્યુમ અને જ્વેલરી પણ ચર્ચાનો વિષય બન્યા છે. ફિલ્મમાં કૈકેયીનો રોલ કરી રહેલી લારા દત્તાને સ્ટાઈલિશ રીતે પહેરેલી સિલ્કની સાડી અને બ્લાઉઝમાં દર્શાવવામાં આવી છે. એના કારણે લોકો પ્રશ્ન પૂછી રહ્યા છે કે ત્રેતાયુગમાં આવાં પ્રકારનાં વસ્ત્રો હતાં જ ક્યાં? એ જ રીતે માતા સીતા બનતી સાઈ પલ્લવી અને શૂર્પણખા બનતી રકુલ પ્રીત સિંહના લુક પર પણ સવાલો ઊઠી રહ્યા છે.

---

### અદિતી શર્માએ ઘરેલું હિંસાની ફરિયાદ નોંધાવી

# ટીવી એક્ટ્રેસ અદિતીને પતિએ લમધારી નાંખી

**સિટી ન્યૂઝ@મુંબઈ**

ટીવી શો અપોલિના- સપનોં કી ઉડાનની એક્ટ્રેસ અદિતિ શર્માએ તાજેતરમાં પતિ અને સાસરિયાં વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ગોરેગાંવ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં એક્ટ્રેસએ પતિ પર મારપીટ, ઘરેલું હિંસા, ચારિત્ર્ય પર સવાલ ઉઠાવવા જેવા અનેક આરોપો લગાવ્યા છે. તેમણે ફરિયાદમાં પતિ અભિનીત વિદ્યાનંદ કૌશિક, સાસુ ઉર્મિલા કૌશિક અને નણંદ કીર્તિ કૌશિકનું નામ પણ લખાવ્યું છે. મુંબઈના ગોરેગાંવ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, અદિતિ શર્મા જૂન ૨૦૨૧માં એક ઓનલાઈન એક્ટિંગ ક્લાસમાં અભિનીતને મળી હતી. બંનેની મિત્રતા થઈ અને થોડા સમય પછી બંને રિલેશનશિપમાં આવ્યા. ૩ વર્ષ સુધી ડેટ કર્યા પછી, તેમણે ૧૨ નવેમ્બર ૨૦૨૪ના રોજ પરિવારની સંમતિથી અભિનીત સાથે લગ્ન કર્યા. લગ્ન પહેલા જ બંને સપ્ટેમ્બર ૨૦૨૪થી ગોરેગાંવના એક ફ્લેટમાં સાથે રહી રહ્યા હતા. અદિતિના કહેવા મુજબ, લગ્નના થોડા સમય પછી જ અભિનીતનું વર્તન બદલાઈ ગયું. પતિ તેમના કપડાં અને નાની-નાની વાતો પર તેમની સાથે ઝઘડવા લાગ્યા. એક્ટ્રેસએ દાવો કર્યો છે કે તે પોતે ઘરનો આખો ખર્ચ ઉઠાવતી હતી, તેમ છતાં પતિ વારંવાર તેમની પાસેથી પૈસા માંગતા હતા.



## ગ્લાસગોમાં ભારતને મળ્યું ગૌરવ : ગૃહમંત્રી હર્ષ સંઘવી હાજર રહ્યા

# કોમનવેલ્થનો ધ્વજ ભારતને

# 2030માં અમદાવાદ બનશે યજમાન








## નીરજ ચોપરા અને પીટી ઉષા, ગૃહમંત્રી હર્ષ સંઘવીએ કર્યો સ્વીકાર

**સિટી ન્યૂઝ@ગ્લાસગો**

ગ્લાસગોના ઓવીઓ હાઈડ્રો સ્ટેડિયમ ખાતે ૧૧ દિવસ સુધી ચાલેલા કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬નો રવિવારે ભવ્ય સમાપન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં સ્કોટલેન્ડે સત્તાવાર રીતે કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ અને બેટન ભારતને સુપ્રત કર્યા હતા. વર્ષ ૨030 માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સની ઐતિહાસિક ૧00 મી આવૃત્તિનું આયોજન ગુજરાતના અમદાવાદ ખાતે થશે. ૨0૧0માં નવી દિલ્હી બાદ, ભારત ઓસ્ટ્રેલિયા પછી એકથી વધુ વખત આ બહુ-રમતોત્સવની યજમાની કરનારો વિશ્વનો બીજો દેશ બનશે.

બ્રિટનના રાજા ચાર્લ્સ ત્રીજાના પ્રતિનિધિ પ્રિન્સ એડવર્ડ (ડ્યુક ઓફ એડિનબર્ગ)એ સ્પર્ધાના સમાપનની સત્તાવાર જાહેરાત કરી તમામ દેશોના ખેલાડીઓને ચાર વર્ષ બાદ ૨૪મી કોમનવેલ્થ ગેમ્સ માટે અમદાવાદ આવવા નિમંત્રણ આપ્યું હતું. ભારતીયમહિલા બોક્સિંગમાં ગોલ્ડ મેડલ વિજેતા જયસ્મિન લેમ્બોરિયાએ સમાપન સમારોહમાં ભારતનો ત્રિરંગો લહેરાવ્યો હતો. ગ્લાસગોના લોર્ડ પ્રોવોસ્ટ પાસેથી સીડબલ્યુજી પ્રમુખ ડૉ. ડોનાલ્ડ રુકાર, ગોલ્ડન બોય નીરજ ચોપરા, આઈઓએ અધ્યક્ષ પીટી ઉષા અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સુધી ધ્વજ પહોંચતાં જ યજમાનીની જવાબદારી ભારતને મળી હતી. સમાપન સમારોહમાં ભારત અને સ્કોટલેન્ડના કલાકારો વચ્ચે અદ્ભુત સાંસ્કૃતિક રજૂઆત જોવા મળી હતી. જાણીતા ગાયક શંકર મહાદેવન, તેમના પુત્રો સિદ્ધાર્થ અને શિવમ મહાદેવન સાથે દેશભક્તિના ગીતો રજૂ કરીને વાતાવરણ ગુંજવી મૂક્યું હતું. જ્યારે ગુજરાતી ગાયિકા ભૂમિ ત્રિવેદીએ પોતાના ગીતો દ્વારા વિશ્વભરના ખેલાડીઓને ગુજરાત અને અમદાવાદમાંપધારવા માટે ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું હતું. કોમનવેલ્થ ગેમ્સ ૨0૨૬માં ભારતે કુલ ૩૯ મેડલ (૧૩ ગોલ્ડ, ૧૭ સિલ્વર અને ૯ બ્રોન્ઝ) પોતાના નામે કરીને મેડલ ટેલીમાં ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું છે. માત્ર ૧૨૨ ખેલાડીઓની નાની ટુકડી સાથે ભાગ લેવા છતાં ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું, જેમાં લાંબા અંતરના દોડવીર ગુલવીર સિંહ બે મેડલ જીતનાર એકમાત્ર ખેલાડી બન્યા હતા. હવે સમગ્ર વિશ્વની નજર ૨030 ની શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સ પર ટકેલી છે.

### 2015 થી ઈ–દર્શનની શરૂઆત 7 સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કરવામાં આવે છે

# સોમનાથ મહાદેવનો ડિજિટલ મહિમા 45 દેશોના કરોડો લોકો જોડાયા

## ઈ–દર્શનની સાથે શ્રધ્ધાળુઓ માટે ઓનલાઈન દાન–પૂજા, પ્રસાદ અને રોકાવા માટે બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ છે

**સિટી ન્યૂઝ@ગીર સોમનાથ**

શ્રાવણના પહેલા સોમવારે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવની આસ્થાનો ડિજિટલ વિસ્તાર પણ જોવા મળી રહ્યો છે. મંદિરના શણગાર, આરતી અને ભવ્ય સ્વરૂપના વીડિયો અને રીલ્સ સોશિયલ મીડિયા દ્વારા યુવાનો સહિત દેશ-દુનિયાના શ્રદ્ધાળુઓ સુધી પહોંચી રહ્યા છે. મોબાઈલ સ્ક્રીન દ્વારા ભક્તો ઘરે બેઠા સોમનાથ મહાદેવના દર્શન કરી રહ્યા છે. ભક્તોને ઘરે બેઠા સોમનાથ મહાદેવના દૈનિક દર્શનનો લાભ આપવા માટે વર્ષ ૨૦૧૫ થી સોશિયલ મીડિયા દ્વારા ઈ-દર્શનની વ્યવસ્થા શરૂ કરવામાં આવી હતી. સવાર, બપોર અને સાંજના શણગાર દર્શન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

શ્રી સોમનાથ ટ્રસ્ટના સાત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને વેબસાઈટના માધ્યમથી આ સુવિધા ઉપલબ્ધ છે. ઉપલબ્ધ આંકડાઓ અનુસાર, સોમનાથની ડિજિટલ પહોંચ ૪૫ થી વધુ દેશો સુધી છે અને કરોડો શ્રદ્ધાળુઓ સોશિયલ મીડિયા દ્વારા મહાદેવના દર્શનનો લાભ લઈ ચૂક્યા છે. ખાસ કરીને વીડિયો રીલ્સ દ્વારા મંદિરની ભવ્યતા અને દૈનિક ધાર્મિક પ્રવૃત્તિઓ યુવાનો સુધી પણ પહોંચી રહી છે. આ વર્ષ સોમનાથ માટે ઐતિહાસિક મહત્વ ધરાવે છે. સોમનાથની સ્વાભિમાન યાત્રાના ૧૦૦૦ વર્ષ પૂરા થઈ રહ્યા છે, ત્યાં ૧૯૫૧માં થયેલા મંદિરના પુનર્નિર્માણના ૭૫ વર્ષ પણ પૂરા થઈ રહ્યા છે. આ ઐતિહાસિક અવસર પર આ વર્ષે સોમનાથ સ્વાભિમાન પર્વ મનાવવામાં આવી રહ્યો છે.

સોમનાથ મંદિરે ઈતિહાસમાં



ઘણા આક્રમણો અને પુનર્નિર્માણનો દોર જોયો છે. ૧૦૨૬ માં મહમૂદ ગઝનીના આક્રમણ પછી પણ મંદિરનું પુનર્નિર્માણ થયું. રાજા કુમારપાળ અને બાદમાં અહલ્યાબાઈ હોલકર સહિત અનેક શાસકોએ તેના પુનર્નિર્માણમાં યોગદાન આપ્યું. આધુનિક કાળમાં સરદાર વલ્લભભાઈ પટેલે સોમનાથ મંદિરના ભવ્ય પુનર્નિર્માણની પહેલ કરી. પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે ૧૧ મે ૧૯૫૧ના રોજ શિવલિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરી. મંદિર પાસે ૧.૫ કિલોમીટર લાંબો સમુદ્ર દર્શન પથ (વૉક-વે) પણ શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર છે. અહીં વૉકિંગ, સાયકલિંગ, બાયનોક્યુલર, ઘોડેસવારી અને ઊંટ સવારી જેવી સુવિધાઓ છે. મંદિરમાં લાઈટ એન્ડ સાઉન્ડ શોના માધ્યમથી સોમનાથના ઈતિહાસ અને ગૌરવગાથાને પણ પ્રસ્તુત કરવામાં આવે છે.

### એક નજરમાં ડિજિટલ દર્શન

- ૨૦૧૫- ઈ-દર્શનની શરૂઆત
- ૭- સોશિયલ મીડિયા પ્લેટફોર્મ
- ૪૫ દેશો સુધી પહોંચ, કરોડો શ્રદ્ધાળુઓ સોશિયલ મીડિયાથી જોડાયા
- સવાર-બપોર-સાંજ શણગાર દર્શન ઓનલાઈન

### દર્શનથી પૂજા સુધી ઓનલાઈન સુવિધા


ઈ-દર્શનની સાથે શ્રદ્ધાળુઓ માટે ઓનલાઈન દાન-પૂજા, પ્રસાદ અને રોકાવા માટે બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ છે. સોમનાથ આવનારા યાત્રીઓ માટે સાગર દર્શન અતિથિ ગૃહ, લીલાવતી અતિથિ ગૃહ સહિત એસી અને નોન-એસી ડોરમેટરીની વ્યવસ્થા છે. ઓગસ્ટ ૨૦૨૨ થી શ્રી સોમનાથ ટ્રસ્ટ તરફથી ભક્તો માટે નિશુલ્ક શુદ્ધ અને સાત્વિક ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

### નાગર શૈલીમાં બનેલું મંદિર

નાગર શૈલીમાં બનેલા સોમનાથ મંદિરનું સપ્તભૌમ શિખર ૧૫૫ ફૂટ ઊંચું છે. ડિજિટલ યુગમાં તેની આસ્થા નવી પેઢી સુધી નવા માધ્યમોથી પહોંચી રહી છે.

### ઈ–દર્શન સરળ, પણ આ છે અડચણો

સોમનાથ મંદિર ટ્રસ્ટે ડિજિટલ દર્શનમાં આધુનિકતા અપનાવી છે. હવે મુસાફરોની ભૌતિક સુવિધાઓમાં પણ એ જ સ્તરની સુવિધા હોવી જોઈએ. જોકે ટ્રસ્ટનું કહેવું છે કે જો રૂમ ઉપલબ્ધ હોય તો જ બુકિંગ થાય છે. આના કારણે મજબૂરીમાં મોંઘી ખાનગી હોટલોમાં રોકાવું પડે છે જે મંદિરથી દૂર હોય છે. સોમનાથ ટ્રસ્ટના તમામ અતિથિ ગૃહોમાં મહત્તમ બે દિવસ માટે જ રૂમની ઓનલાઈન બુકિંગ થાય છે. સાથે જ આના માટે એડવાન્સમાં બુકિંગ કરાવવી પડે છે. તત્કાલ બુકિંગની સુવિધા પણ હોવી જોઈએ.




# છ માણસનો ભાત બે માણસ ખાઈ જતા પછી તેમની આંખો ઘેરાવા લાગતી હતી




સાબરમતી સેન્ટ્રલ જેલ ૬૮ એકરમાં પથરાયેલી છે. જેલ માં ૩ હજાર કરતા વધુ નાના મોટા કેદી ઓ રહે છે. જેમને સજા થઈ છે તેમને પાકા કામના કેદી કહે છે. એક વખત અદાલત સજાનો હકમ કરે પછી કેદી એ ઘરના કપડાં ઉતારી જેલ ના સફેદ કપડાનો યુનિફોર્મ પહેરી લેવાનો હોય છે, પછી ઘર અથવા લોજમાંથી આવતુ ટિફિન પણ બંધ થઈ જાય છે. જેલ ના રસોડામાં જે રસોઈ તૈયાર થાય તે જ જમવાની હોય છે. જેમને સજા થઈ નથી તેવા કેદી ને કાચા કામના કેદી કહેવામાં આવે છે. તેઓ ઘરના કપડાં પહેરી શકે અને તેમની પાસે બહારથી ટિફિન મંગાવવાની વ્યવસ્થા હોય તો તેઓ જમવાનું પણ બહારથી મંગાવી શકે છે. જેલ ના નિયમ પ્રમાણે કાચા અને પાકા કામના કેદી ઓને અલગ અલગ બેરેક માં રાખવામાં આવે છે. સાબરમતી જેલ Sabarmati ૨ ભાગમાં વહેચાયેલી છે. કેદી ઓની સંખ્યા વધી જતા એક નવી જેલ બનાવવામાં આવી છે. આમ છતાં અંગ્રેજો જે જેલ બનાવી ગયા તેની સરખામણીમાં નવી જેલમાં સલામતીના પ્રશ્નો વધુ હતું.

જેના કારણે મહંમદ અને તેના ૮ સાથીઓને હજી સજા થઈ ન્હોતી તેમનો કેસ ચાલી રહ્યો હતો એટલે તેઓ કાચા કામના કેદી હતા. આમ છતાં અંગ્રેજોના જમાનાની ઉંચી મજબુત દીવાલોવાળી Deewal જુની જેલ માં તેમને પાકા કામના કેદી ઓની વચ્ચે રાખવામાં આવ્યા હતા. હજી તેઓ પોતાના ઘરના જ કપડાં પહેરતા હતા, પણ તેમની ઉપરના આરોપો એટલા ગંભીર હતા કે જેલ સુપ્રિટેન્ડન્ટે Superintendent તેમની બહારથી ટિફિન મંગાવીની અરજી ફગાવી દઈ જેલનું જમવાની ફરજ પાડી હતી. જેલ ની વચ્ચે એક મોટુ મેદાન અને એક ઓપનએર થિયેટર પણ છે. જેની બરાબર બાજુમાંથી પસાર થનારના નાક સુધી અદભુત સોડમ આવ્યા વગર રહે નહીં, જેલ ના રસોડામાં સવાર સાંજ ૯-૯ હજાર રોટલી બનતી હતી. જેલના નિયમ પ્રમાણે કેદી ને રોજની ૩ રોટલી શાક-દાળ અને ભાત મળે છે. સાંજે રોટલી શાક અને ખીચડી મળે છે. આ તમામ રસોઈની જવાબદારી કેદી ઓની જ હોય છે.

શરૂઆતના મહિનામાં યુસુફ Yusuf અને પરવેઝ Pervezને બાદ કરતા મહંમદ અને તેના સાથીઓને કેદી ઓના રસોડાની રસોઈ માફક આવતી ન્હોતી. જો કે તેમને પણ ખબર હતી કે તેઓ અહિંયા કંઈ પિકનિક મનાવવા આવ્યા નથી. રસોઈ ગુજરાતી પધ્ધતિથી બનતી હતી. બટકે અને લંગડો મુસ્લિમ હોવા છતાં તેમને ગુજરાતી Gujarati જમણનો અનુભવ હતો. જો કે કેદી ઓને એક લાલસા રહેતી હતી કે તેમને જેલ ના રસોડામાં કામ કરવાનું મળે તો સારૂ, તેની પાછળનું રહસ્ય એવુ હતું કે ૩૬૫ દિવસ ૩ હજાર લોકોની રસોઈ બનાવવામાં ક્યાંક મીઠા-મરચા અને સ્વાદમાં ગરબડ થવાની સંભાવના હતી પણ રસોડો kitchen માં કામ કરતા કેદી ઓ બધી બેરેક માં જમવાનું મોકલી દીધા પછી પોતાના જમણમાં કોઈ ગરબડ હોય તો તેમા મીઠા-મરચાં અને તેલનો ઉમેરો કરી વધુ સ્વાદિષ્ટ રસોઈ બનાવી લેતા હતા. આ બધુ ગરબડો જેલ સિપાઈના ધ્યાનમાં આવ્યા વગર રહેતી ન્હોતી, પણ તેઓ વર્ષોથી જેલ માં પડી રહેલા આ કેદી ઓની દયા ખાઈ જાણે તેમને ખબર જ નથી તેવો ડોળ કરતા હતા. ૧૦ વાગ્યે હાથ લારી ૨૦૦ ખોલીમાં આવી ફરી સવારે જેમ બધા ચ્હા માટે લાઈનમાં ઉભા હતા તેમ કતારમાં ઉભા રહી ગયા, બધાના હાથમાં સ્ટીલની થાળી અને વાટકી હતી. પહેલા તો એલ્યુમિનિયમ Aluminum ના વાસણો હતા, પણ પછી સરકારે તેમા સુધારો કરી સ્ટીલના વાસણો આપ્યા હતા. આજે જમવા રોટલીની સાથે બટાટા રીંગણાનું શાક અને દાળ-ભાત હતા. એક પછી એક કેદી ની થાળીમાં ૩ રોટલી અને દાળ-શાક નક્કી કરેલા માપ પ્રમાણે મુકાઈ રહ્યા હતા. સૌથી વધુ આ જમણ સામે કોઈને વાંધો હતો તે અબુ Abu અને રીયાઝ Riaz ને હતો, કારણ તેમને ભાત ખાવાની ટેવ હતી પણ જેલ માં તો ભાત એક વાટકી જ મળતા હતા. તેઓ પણ કતારમાં ઉભા હતા, તેમની થાળીમાં જમવાનું આવ્યુ તો તેમણે પણ પોતાની થાળીમાં લઈ લીધુ.તેઓ થાળી લઈ બેરેક માં ગયા. મહમંદ સહિત તમામ ૮ સાથીઓ રોજ સવારે અને સાંજે સાથે બેસીને જ જમતા હતા. અબુ Abu અને રીયાઝ Riaz પોતાની થાળીમાં રહેલી રોટલીઓ બાકીના બધા સાથીઓની થાળીમાં ૧-૧ મુકી દીધી અને બાકીના છ સાથીઓ મહંમદ-યુનુસ -Yunus, ચાંદ-દાનીસ Chand-Danis તેમજ યુસુફ-પરવેઝે Yusuf-Pervez પોતાની થાળીમાં રહેલો તમામ ભાત અબુ Abu અને રીયાઝ Riaz ને આપી દીધો હતો. આવો ક્રમ છેલ્લાં ૮ વર્ષથી હતો છતાં રોજ જમતી વખતે રોટલીના બદલામાં ભાત મળે ત્યારે આ બંનેના ચહેરા ઉપર જાણે સ્વર્ગ પ્રાપ્ત કર્યુ હોય તેવો આનંદ જેવા મળતો હતો. ઘણી વખત મઝાક કરતા યુસુફ Yusuf કહેતો જબ ફાંસી હોગી ઓર કોર્ટ પુછેગી આપકી આખરી ખ્વાઈશ ક્યા હે તો મદ્રાસી બોલેગેં ચાવલ ખાના હૈ અને બધા હસી પડતા હતા, પણ તરત યુસુફ Yusuf ને જવાબ આપતા તે બંન્ને કહેતા બટકે તેરે તો મદ્રાસી ઔર મલ્લુ મેં


પ્રશાંત દયાળ

ખબર નહીં પડતા તો મત બોલ. કેરળ Kerala ના વતની અબુ અને રીયાઝને કોઈ મદ્રાસી કહે ત્યારે જાણે કોઈએ ગાળ આપી હોય તેવો ગુસ્સો આવતો હતો. અંદરથી બધાના જ મનમાં કંઈકને કઈક ચાલી રહ્યુ હતું. છતાં બધા ચહેરા ઉપર સબ સલામત હોવાનો ડોળ કરી લેતા હતા.૬ માણસનો ભાત ૨ માણસ ખાઈ જાય તો પછી શુ થાય? જમવાના અડધો કલાકમાં તો અબુ રીયાઝ Abu Riaz ની આંખો ઘેરાવા લાગતી હતી. જો કે આમ પણ બપોરના ૧૨ વાગ્યે ફરી તમામ કેદી ઓએ પોતાની બેરેક માં આવી જવાનું હતું. બરાબર ૧૨ ના ટકોરે વોર્ડન આવી કેદી ઓની ગણતરી કરતો હતો, કોઈ કેદી બહાર તો રહી ગયો નથી તેની તપાસ પુરી થાય પછી તે બેરેક Barrack ને બંધ કરી દેતો હતો, જેને જેલ ની ભાષામાં બપોરની બંદી કહેવામાં આવતી હતી. બપોરના ૧૨ થી ૩ વાગ્યા દરમિયાન તમામ કેદી ઓએ પોતાની બેરેક Barrack માં રહેવુ પડે, હા જે કેદી ઓ જેલ ની અંદર ચાલતા જેલ ઉદ્યોગમાં કામ મળ્યુ હોય તેવા કેદી ઓ વિવિધ વિભાગોમાં કામ કરતા હતા. કેદી ઓ બેરેકમાં જાય એટલે બિલાડીઓ અને વાંદરાઓ જેલ ને ઘેરી વળતા હતા.

૩ હજાર કેદી ઓની ૯ હજાર રોટલીઓ બનાવવાની હોય તો સ્વભાવીક અનેક રોટલીઓની કિનારીઓ અડધી કાચી રહી જતી હતી, એટલે કેદી ઓ જેવુ જમવાની થાળીમાં રોટલી આવે તેની સાથે રોટલીની કિનાર કાપી તેને વોર્ડના ૧ ખુણામાં મુકી રાખતા હતા. તેમને ખબર હતી કે તેમને મન જે કાચુ જમવાનું છે તે કોઈના માટે પાકુ ભોજન થઈ શકે તેમ હતું. બેરેક ની બહાર મેદાનમાં મુકી રાખેલી રોટલી Roti ના ટુકડા ખાવા વાદરાઓ અને બિલાડીઓ આવી જતી હતી. વાંદરા અને બિલાડીને જેલની ઉંચી દીવાલો Deewal ઓળગતા કોઈ રોકી શકે તેમ ન્હોતુ. ઘણી વખત રીયાઝ Riaz બેરેક ના સળીયા પાછળ ઉભો રહી બિલાડી Cat જોયા કરતો હતો. કેરળ Kerala માં તેના ઘરે પણ એક બિલાડી આવતી હતી, ખુબ જાડી હતી તેને અમ્મ્મા નામે સંબોધતો હતો તેનો અર્થ થતો હતો દાદી. રીયાઝ Riaz સંપન્ન પરિવાર Family માંથી આવતો હતો. રીયાઝ Riaz ના પિતા પાસે નારીયળની સારી ખેતી Cocount Farming હતી. તેણે પોતે અગ્રીકલ્ચરમાં ગ્રેજ્યુએશન Graduation in Agriculture કર્યુ હતું, પણ ૨૦૦૨ના ગુજરાતના તોફાનોમાં થયેલી હિંસાની સીડી જોઈ ત્યારથી તે બેચેન થઈ ગયો હતો, તેને લાગી રહ્યુ હતું કે તેના કોમના લોકો સાથે ખુબ અન્યાય થયો છે. ત્યારે જ તેનો પરિચય મહંમદ સાથે થયો હતો. મહંમદ વકીલ Advocate હોવાની સાથે ઈસ્લામીક રાઈટ્સ Islamic rights નામની સંસ્થાનો સેક્રેટરી પણ હતો. મહંમદ અને રીયાઝ Riaz ૧૦ વર્ષ પહેલા હૈદરાબાદમાં તેમની સંસ્થાના એક ફંક્શનમાં મળ્યા હતા. ત્યાર બાદ તેઓ એકબીજા સાથે ઈમેલ email અને ટેલિફોનિક telephonic મેસેજ દ્વારા સંપર્કમાં હતા. (ક્રમશઃ)

# જેતપુર પાસેથી 5400 લીટર ભેળસેળયુક્ત દૂધ ઝડપાયું

## સુરેન્દ્રનગર પંથકના ટેન્કર ચાલકની અટકાયત

### સેમ્પલ લેબમાં મોકલાયા : શંકાસ્પદ દૂધનો આ જથ્થો જૂનાગઢથી મુળી મોકલવાનો હોવાનું ખુલ્યું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. અને એસ.ઓ.જી. શાખાએ જેતપુર તાલુકામાંથી ૫૪૦૦ લીટર શંકાસ્પદ ભેળસેળયુક્ત દૂધનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીમાં સુરેન્દ્રનગર પંથકના એક ટેન્કર ચાલકની અટકાયત કરવામાં આવી છે શંકાસ્પદ દૂધનો આ જથ્થો જૂનાગઢથી મુળી મોકલવાનો હોવાનું જાણવા મળ્યું છે.
રાજકોટ રેન્જ આઈ.જી.પી. નિર્લિપ્ત રાય અને રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર (IPS) ના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અટકાવવા માટે સઘન ઝુંબેશ



ચલાવવામાં આવી રહી છે.આ ઝુંબેશના ભાગરૂપે, એલ.સી.બી. અને એસ.ઓ.જી.ના સંયુક્ત સ્ટાફને બાતમી મળી હતી કે એક આઈસર ટેન્કરમાં ભેળસેળયુક્ત દૂધનો જથ્થો જૂનાગઢથી રાજકોટ તરફ આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે જેતપુર તાલુકા વિસ્તારમાં વોચ ગોઠવી ટેન્કરને આંતર્યું હતું.તપાસ દરમિયાન ટેન્કરમાંથી કુલ ૫૪૦૦ લીટર શંકાસ્પદ અને ભેળસેળયુક્ત દૂધ મળી આવ્યું હતું, જેની અંદાજિત કિંમત રૂપિયા ૨,૭૦,૦૦૦/- થાય છે. ઘટનાસ્થળે જ ફૂડ એન્ડ સેફટી ઓફિસર એસ.જે. કટારીયા દ્વારા દૂધના સેમ્પલ લેવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં દૂધ ભેળસેળયુક્ત અને ખાવાલાયક ન હોવાનું સ્પષ્ટ થયું હતું.ત્યાર બાદ, ટેન્કર ચાલકની હાજરીમાં કાયદેસરના ધોરણો મુજબ આ સમગ્ર દૂધના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. પોલીસે આ મામલે વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ટેન્કર ચાલક સુરેન્દ્રનગર જિલ્લાના થાન તાલુકાના ખાખરાતળ ગામનો ભરતભાઈ મામૈયાભાઈ લોહની અટકાયત કરી હતી પોલીસે રૂપિયા ૨,૭૦,૦૦૦ની કિંમતના ૫૪૦૦ લીટર દૂધનો નાશ કર્યો હતો આ જથ્થો જૂનાગઢથી મુળી મોકલવાનો હોવાથી જાણવા મળ્યું છે.

### દમણના સેલવાસથી વિદેશી દારૂનું નેટવર્ક ચલાવતો

# 65 ગુનામાં સામેલ અને 7 ગુનામાં વોન્ટેડ કુખ્યાત બુટલેગર યાકુબની ધરપકડ

» બુટલેગર બે દિવસના રિમાન્ડ ઉપર : વધુ આરોપીઓને પકડી લેવા મથામણ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં બેફામ બનેલી ગુનાખોરી અટકાવવાના પોલીસના અભિયાન દરમ્યાન મુળ રાજકોટનો અને કેટલાક સમયથી દમણના સેલવાસથી દારૂનું નેટવર્ક ચલાવતો કુખ્યાત બુટલેગર યાકુબ મોટાણી સહીત બે શખસોને પીસીબીની ટીમે ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી દબાચી લીધો હતો.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ રાજકોટના જામનગર રોડ ઉપર વાંકાનેર સોસાયટીમાં અને હાલ દમણ રહેતો લિસ્ટેડ પ્રોહી. બુટલેગર યાકુબ મુસાભાઈ મોટાણી રાજકોટ આવતો હોવાની માહીતીને આધારે પીઆઈ ગોંડલીયા સહીતની ટીમે વોચ ગોઠવી ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી ઝડપી લઈ વિશેષ પુછતાછ કરતા વધુ એક આરોપી ભગવતી પરામાં રહેતો મુન્નો ઉર્ફે યાસન હાસમને ઝડપી લઈ વધુ પુછતાછ માટે બે



દીવસના રિમાન્ડ મેળવી કાર્યવાહી કરી છે.અગાઉ ૬૫ જેટલા ગુનામાં સામેલ અને ત્રણ વખત પાસાની હવા ખાઈ ચુકેલા યાકુબ સાત ગુનામાં અને ગુજરાતના એક ડઝન ગુનામાં સંડોવાઈ ચૂક્યો છે. તે.દમણ/સેલવાસ બેસીને મોટું નેટવર્ક ચલાવતો હતો. તેણે કોસ્મેટીક આઈટમ્સની ખોટી બિલ્ટીઓ બનાવી સેલવાસ ખાતેથી ટ્રાન્સપોર્ટ પાર્સલોમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાજકોટ મોકલ્યો હતો. જે ગુનામાં રાજકોટ સહીત ટ્રાન્સપોર્ટમાં ડિલિવરી લેનાર સાગરીતોને પકડી લેવા કાર્યવાહી કરી છે.

# ગોંડલના યુવકને લૂંટેરી દુલ્હનનો ભેટો, રૂપિયા 3.50 લાખની ઠગાઈ

### લગ્નના ૯મા દિવસે માસીનું મોત થયું, નાગપુર જવું છે કહી દાગીના સાથે યુવતી ગાયબ; સુરતમાં માસી જીવતા મળ્યા

**સિટી ન્યૂઝ@ગોંડલ**

કોટડા સાંગાણી રોડ પર રોયલ પાર્ક-૧માં રહેતા યુવકને લગ્નના નામે ફસાવી રૂ. ૩.૫૦ લાખની છેતરપિંડી કરાયાનો કિસ્સો સામે આવ્યો છે. લગ્નના માત્ર ૯ દિવસ બાદ નવવધૂએ માસીનું મોત થયું છે, નાગપુર જવું પડશે તેમ કહી ઘર છોડી ફોન બંધ કરી દીધો હતો. યુવકે સુરત જઈ તપાસ કરતાં માસી જીવતા મળ્યા હતા. બાદમાં સુરત કાપોદ્રા પોલીસે લૂંટેરી દુલ્હન ગેંગને ઝડપી પાડતાં સમગ્ર ભાંડો ફૂટ્યો હતો.ગોંડલમાં ઈલેક્ટ્રિક રિપેરિંગનું કામ કરતા વિમલભાઈ રમણીકભાઈ મોવલીયા લગ્ન માટે કન્યા શોધતા હતા. માસિયાઈ ભાઈ મારફતે સુરતના દલાલ જયેશ પટેલનો સંપર્ક થયો હતો. તેણે રાહુલની સાળી પ્રણાલીનો ફોટો બતાવી લગ્ન કરાવવાના બદલામાં રૂ. ૩ લાખની માંગણી કરી હતી.

ત્યારબાદ રાહુલ, તેની પત્ની સપના, જયેશ અને પ્રણાલી ગોંડલ આવ્યા હતા. તા. ૨૦/૦૭/૨૦૨૫ના રોજ વિમલભાઈ પરિવાર સાથે સુરત ગયા હતા અને વાસદા ગામે ફૂલહાર વિધિથી લગ્ન કર્યા હતા. લગ્ન સમયે રૂ. ૩ લાખ રોકડા અપાયા હતા અને પ્રણાલીને રૂ. ૫૦ હજારના સોનાના દાગીના પહેરાવવામાં આવ્યા હતા. લગ્નના ૯ દિવસ બાદ વિમલભાઈ કામે બહાર ગયા ત્યારે પ્રણાલીએ ફોન કરી માસીનું મોત થયું હોવાથી નાગપુર જવાનું જણાવ્યું હતું.



ત્યારબાદ તેણે ફોન બંધ કરી દીધો હતો. વિમલભાઈએ સુરત જઈ તપાસ કરતાં માસી ઘરે જીવતા હાજર હતા, જ્યારે ગેંગના સભ્યો ગાયબ હતા. દરમિયાન ફરિયાદીની બહેને અખબાર અને ઈન્સ્ટાગ્રામ પર કાપોદ્રા પોલીસનો વીડિયો જોયો હતો, જેમાં પ્રણાલી અને રાહુલ લૂંટેરી દુલ્હનના ગુનામાં ઝડપાયેલા જોવા મળ્યા હતા. આથી વિમલભાઈએ ગોંડલ સિટી પોલીસમાં હિતેશ ઉર્ફે રાહુલ રતીલાલ કાપડિયા, તેની પત્ની સપના, જયેશ પટેલ અને મહારાષ્ટ્રની પ્રણાલી ઉર્ફે પ્રિયા ગણેશ પટેલ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે રૂ. ૩ લાખ રોકડા અને રૂ. ૫૦ હજારના દાગીના મળી કુલ રૂ. ૩.૫૦ લાખની ઠગાઈ અંગે BNS કલમ ૩૧૮(૪) અને ૬૧(૨) હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રૂપિયા 20 લાખના લાંચકેસમાં CGST સુપ્રિન્ટેન્ડેન્ટને જામીન

## ગુજરાત હાઈકોર્ટે કડક શરતો સાથે રેગ્યુલર જામીન મંજૂર કર્યા

### ફરિયાદની પતાવટ માટે રૂ. 25 લાખની માંગ બાદ રૂ. 20 લાખ નક્કી થયાનો ACBનો કેસ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ સેન્ટ્રલ GST વિભાગના સુપ્રિન્ટેન્ડેન્ટ મુકેશ કુમારને રૂ. ૨૦ લાખની લાંચ લેવાના આરોપમાં ACB દ્વારા ધરપકડ કરવામાં આવ્યા બાદ ગુજરાત હાઈકોર્ટે તેમના રેગ્યુલર જામીન મંજૂર કર્યા છે. હાઈકોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ૩૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ કડક શરતોને આધીન જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

કેસની વિગતો મુજબ ફરિયાદી સોના-ચાંદીના દાગીનાના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને તેમણે વર્ષ ૨૦૧૭માં GST રજીસ્ટ્રેશન મેળવ્યું હતું. છેલ્લા ૩ વર્ષથી દુકાન બંધ રાખી ઘરેથી વ્યવસાય કરતા ફરિયાદી વિરુદ્ધ CGST કચેરીમાં વેરો ન ભરવા અને ખોટા બિલ બનાવવા અંગે ફરિયાદ થઈ હતી. તેની તપાસ CGST સુપ્રિન્ટેન્ડેન્ટ મુકેશ કુમાર પાસે હતી.



ધારાશાસ્ત્રી અપૂર્વ એન. મહેતા અને જયદીપ એમ. કુકડિયા

ACBના કેસ મુજબ તપાસ દરમિયાન ફરિયાદીની દુકાનની સ્થળ મુલાકાત સહિતની કાર્યવાહી હાથ ધરાઈ હતી. ફરિયાદની પતાવટ માટે મુકેશ કુમારે રૂ. ૨૫ લાખની લાંચ માગી હોવાનો આરોપ છે. રકઝકના અંતે રૂ. ૨૦ લાખ આપવાનું નક્કી થયું હતું. ફરિયાદી લાંચ આપવા માગતા ન હોવાથી તેમણે ACBનો સંપર્ક કર્યો હતો.

ACBએ ગોઠવેલા છટકા દરમિયાન સહઆરોપી ટેક્સ એડવોકેટ આકાશ કલોલિયાએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી મુકેશ કુમાર વતી લાંચની રકમ સ્વીકારી હોવાનો ACBનો આરોપ છે. આ મામલે મુકેશ કુમાર અને ટેક્સ એડવોકેટની પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ, ૧૯૮૮ની કલમ ૭(A), ૧૨ અને ૧૩(૨) હેઠળ ધરપકડ કરવામાં આવી હતી.

આરોપીઓને સ્પેશિયલ ACB કોર્ટ સમક્ષ રજૂ કરી ૭ દિવસના રિમાન્ડની માંગ કરવામાં આવી હતી. બચાવપક્ષના વિરોધ બાદ કોર્ટે ૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. રિમાન્ડ પૂર્ણ થતાં મુકેશ કુમારને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

ત્યારબાદ મુકેશ કુમારે ગુજરાત હાઈકોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. બચાવપક્ષે દલીલ કરી હતી કે સમગ્ર ટ્રેપ દરમિયાન મુકેશ કુમાર પાસેથી લાંચની કોઈ રકમ રિકવર થઈ નથી તેમજ રિકવરી સમયે પંચની હાજરી અંગે પણ પ્રશ્નો છે. ઉપરાંત કોઈ રિકવરી કે ડિસ્કવરી બાકી નથી અને ચાર્જશીટ પણ દાખલ થઈ ચૂકી હોવાનું રજૂ કરાયું હતું.

બચાવપક્ષે સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન માટે પ્રસ્થાપિત ટ્રિપલ ટેસ્ટ સહિત વિવિધ ચુકાદાઓનો આધાર લઈ જામીન આપવા રજૂઆત કરી હતી. બીજી તરફ સરકારપક્ષે આરોપી સામે પ્રથમદર્શી કેસ હોવાનું તેમજ વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી ટેસ્ટ બાકી હોવાનું જણાવી જામીન અરજીનો વિરોધ કર્યો હતો.

બંને પક્ષોની દલીલો બાદ ગુજરાત હાઈકોર્ટે જામીન એ નિયમ અને જેલ એ અપવાદના સિદ્ધાંતને ધ્યાને લઈ મુકેશ કુમારને કડક શરતોને આધીન રેગ્યુલર જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

આ કેસમાં આરોપી મુકેશ કુમાર તરફથી ગુજરાત હાઈકોર્ટના ધારાશાસ્ત્રી અપૂર્વ એન. મહેતા અને જયદીપ એમ. કુકડિયા રોકાયા હતા.

# ચુનારાવાડમાં જર્જરિત મકાન પડતા કાટમાળ નીચે દબાતા આધેડનું મોત

### પત્ની અને સંતાનો બીજા ઘરે સૂતા હોવાથી બચી ગયા : પરિવાર શોકમાં ગરકાવ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં પડેલા વરસાદને કારણે ખખડધજ મકાન ધરાશાયી થતાં અજય કુરજીભાઈ બેડલા (ઉ.વ.૪૫)નું મૃત્યુ નિપજતાં તેના પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. ભાવનગર રોડ પર રાવણ ચોક નજીક શ્રમજીવી સોસાયટીમાં આ દુર્ઘટના સર્જાઈ હતી.

બેડલા પરિવારનું મકાન વર્ષો જુનુ અને જોખમી હતું. જેને કારણે ચોમાસું આવે તે પહેલા પરિવારના સભ્યો બીજા સ્થળે ભાડાના મકાનમાં રહેવા જતા રહ્યા હતા. પરંતુ અજયભાઈ ગમે તે કારણસર મકાન છોડી ગયા ન હતા. જોખમી હોવા છતાં બે માસથી મકાનમાં રહેતા હતા.

રાજકોટમાં બે દિવસથી પડી રહેલા વરસાદને કારણે ગઈકાલે રાત્રે ૧૧૩૦ વાગ્યા આસપાસ તેનું મકાન ધરાશાયી થતાં કાટમાળ પડવાથી માથામાં ગંભીર ઈજા સાથે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ટુંકી સારવાર બાદ મૃત્યું નિપજ્યું હતું.



જાણ થતાં થોરાળા પોલીસ હોસ્પિટલ અને સ્થળ પર પહોંચી ગઈ હતી.

પોલીસે માહિતી મેળવ્યા બાદ અકસ્માતે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે. દર વર્ષે ચોમાસામાં તંત્ર દ્વારા જોખમી હોય તેવા મકાનોમાં રહેતા લોકોનું સ્થળાંતર કરવાની ગંભીરતા દાખવવામાં આવતી નથી. જો તેમ થયું હોત તો કદાચ અજયભાઈનો જીવ બચી ગયો હોત. આ સ્થિતિમાં આ પ્રકારની બીજી દુર્ઘટનાઓ ન બને તે માટે તંત્ર સાવચેત બને તેવી માંગ ઊઠી છે.



# યુવકના ખિસ્સામાંથી 25 હજાર ચોરી લેનાર રિક્ષા ગેંગ ઝડપાઈ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના ખરેડા ગામનો અને ટ્રાવેલ્સમાં બસ ડ્રાઈવર તરીકે કામ કરતો ભૈરવસિંગ ભીમસિંગ રાવત (ઉ.વ.૨૩) ૨૨ જુલાઈએ માલધારી ફાટક પાસેની પુનિતના ટાંકા જવા માટે રિક્ષામાં બેઠો હતો. યુવકના ખિસ્સામાં રૂ.૨૫ હજાર તેના શેઠ પાસેથી પગાર પેટે લઈ વતન જવા પુનિતના ટાંકે જવા રવાના થયો હતો. રિક્ષામાં ડ્રાઈવર ઉપરાંત અગાઉથી બે અજાણ્યા શખ્સ બેઠેલા હતા. ગોંડલ ચોકડી નજીક પહોંચતા ડ્રાઈવરે પુનિતના ટાંકા તરફ નહીં જવાનું કહી ભાડું લીધા વગર જ તેને નીચે ઉતારી દીધો હતો. નીચે ઉતર્યા બાદ ભૈરવસિંગે પેન્ટના ખિસ્સામાં તપાસ કરતાં શેઠ પાસેથી લીધેલા રૂ.૨૫ હજાર રોકડા ગાયબ હોવાનું જણાયું હતું.

# દીકરાનું ઘર વૃદ્ધાશ્રમમાં 40 લાખના ખર્ચે મંગલેશ્વર મંદિરનો જીર્ણોદ્ધાર

## 4 અને 5 ઓગસ્ટથી ધાર્મિક વિધિઓનો પ્રારંભ; કિરીટ આદરોજા અને દીપક જલુ યજમાનપદે, 11 કળશધારી દીકરીઓ સાથે ભવ્ય નગરયાત્રા નીકળશે



સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટથી આશરે ૧૪ કિલોમીટર દૂર ઢોલરા ગામ ખાતે છેલ્લા ૨૮ વર્ષથી કાર્યરત સુરેખાબેન દીપચંદભાઈ ગારડી વૃદ્ધાશ્રમ દીકરાનું ઘરના પરિસરમાં આવેલા મંગલેશ્વર મહાદેવ મંદિરનું અંદાજે રૂ. ૪૦ લાખના ખર્ચે ભવ્ય જીર્ણોદ્ધાર અને પુનર્નિર્માણ કરવામાં આવ્યું છે. નવનિર્મિત મંદિરનો દોઢ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૪ અને ૫ ઓગસ્ટે શાસ્ત્રોક્ત વિધિ સાથે યોજાશે.

પરિવારથી તરછોડાયેલા, નિરાધાર અને નિસંતાન વડીલો માટે દીકરાનું ઘર આશ્રયસ્થાન બની રહ્યું છે. અહીં રહેતા વડીલો માટે પૂજાપાઠ, દેવદર્શન અને સત્સંગ માટે પરિસરમાં આવેલું મંગલેશ્વર મહાદેવ મંદિર વર્ષોથી આસ્થાનું કેન્દ્ર છે. મંદિરમાં દરરોજ સવાર-સાંજ આરતી ઉપરાંત વિવિધ ધાર્મિક તહેવારોની ઉજવણી કરવામાં આવે છે.

સમયાંતરે મંદિરના જીર્ણોદ્ધારની જરૂરિયાત ઊભી થતાં સંસ્થા દ્વારા રૂ. ૪૦ લાખના ખર્ચે પુનર્નિર્માણ હાથ ધરાયું હતું. સલાહકાર સમિતિના વસંતભાઈ ગાદેશા અને પ્રવીણભાઈ હાપલિયાની દેખરેખ હેઠળ માત્ર ૮ મહિનામાં મંદિરનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. મંદિરને મજબૂત અને આકર્ષક સ્વરૂપ આપવામાં આવ્યું છે.

સંસ્થાના સ્થાપક મુકેશ દોશી, અનુપમ દોશી, સુનિલ વોરા અને નલિન તન્નાએ જણાવ્યું કે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ ૪ ઓગસ્ટ, મંગળવારે સાંજે ૪ વાગ્યાથી થશે અને ૫ ઓગસ્ટે સાંજે ૭ વાગ્યે બીડું હોમાયા બાદ પૂર્ણ થશે. મહોત્સવના યજમાનપદે જાણીતા ઉદ્યોગપતિ કિરીટભાઈ આદરોજા અને યુવા ટ્રાન્સપોર્ટર દીપકભાઈ જલુ બિરાજશે.

૫ ઓગસ્ટે સવારે ૯ વાગ્યે ભવ્ય નગરયાત્રા યોજાશે. જેમાં ૧૧ કળશધારી દીકરીઓ, રથ અને કેશીયો પાર્ટી સાથે હર હર મહાદેવના જયઘોષ વચ્ચે શોભાયાત્રા ઢોલરા ગામમાં પરિભ્રમણ કરશે. નગરયાત્રામાં સંસ્થાના દાતાઓ, શુભેચ્છકો, કાર્યકર્તાઓ, વૃદ્ધાશ્રમના વડીલો અને ગ્રામજનો જોડાશે. સમગ્ર વૃદ્ધાશ્રમ પરિસરને આસોપાલવના તોરણો, આકર્ષક રંગોળી અને રોશનીથી શણગારવામાં આવશે.

મહોત્સવને સફળ બનાવવા મૌલેશભાઈ પટેલ, શિવલાલભાઈ આદરોજા, પ્રતાપભાઈ પટેલ, વલ્લભભાઈ સતાણી, ધીરુભાઈ રોકડ, ડો. નિદત બારોટ અને હસુભાઈ રાછ માર્ગદર્શન આપી રહ્યા છે. જ્યારે સંસ્થાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓની ટીમ આયોજન માટે જહેમત ઉઠાવી રહી છે.સંસ્થા દ્વારા દાતાઓ, શુભેચ્છકો, વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અને ભાવિકોને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિત રહી મંગલેશ્વર મહાદેવના દર્શન અને આશીર્વાદનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સિંધાવદરનો કોઝવે વરસાદમાં તૂટતાં વાંકાનેર-રાજકોટ બસ સેવા પ્રભાવિત

## વિદ્યાર્થીઓ–મુસાફરોની હાલાકી દૂર કરવા કોંગ્રેસ પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલાની રજૂઆત; બપોર બાદ બસ સેવા શરૂ કરવાની તંત્રની ખાતરી

સિટી ન્યૂઝ@રાજકોટ

મોરબી જિલ્લામાં ભારે વરસાદને પગલે આસોઈ નદીના ધસમસતા પ્રવાહથી સિંધાવદર નજીકનો કોઝવે તૂટી જતાં વાંકાનેર-રાજકોટ વચ્ચેનો સીધો વાહન વ્યવહાર પ્રભાવિત થયો છે. છેલ્લા આશરે ૩ દિવસથી કુવાડવા થઈ વાંકાનેર જતી એસટી બસ સેવા બંધ રહેતાં અનેક ગામોના વિદ્યાર્થીઓ, મુસાફરો અને અપડાઉન કરતા લોકોને મુશ્કેલી પડી રહી છે. આ મામલે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રવક્તા અને આરટીઆઈ એક્ટિવિસ્ટ ગજેન્દ્રસિંહ ઝાલાએ માર્ગ-મકાન વિભાગના ઇજનેર તથા વાંકાનેર એસટી ડેપો મેનેજર સમક્ષ તાત્કાલિક બસ વ્યવહાર શરૂ કરવા રજૂઆત કરી છે.ગજેન્દ્રસિંહ ઝાલાની યાદી મુજબ મોરબી જિલ્લામાં ૧૧ ઈંચ વરસાદ બાદ આસોઈ નદીમાં ભારે પાણીનો પ્રવાહ આવ્યો હતો. તેના કારણે વાંકાનેર-રાજકોટ માર્ગ પર સિંધાવદર નજીકનો કોઝવે તૂટી જતાં વાહન વ્યવહાર બંધ કરવો પડ્યો હતો. તેની અસર વાંકાનેર-રાજકોટ વચ્ચે દર અડધી કલાકે દોડતી એસટી બસો પર પણ પડી છે. હાલ બસો બાઉન્ડ્રી થઈને અવરજવર કરતી હોવાથી રાણપુર, જીયાણા, ખખાણા, સણોસરા, પીપરડી, ખેરવા, કણકોટ અને કલાવડી સહિતના ગામોના વિદ્યાર્થીઓ અને મુસાફરોને



હાલાકી પડી રહી છે. વૈકલ્પિક રૂટને કારણે મુસાફરોને વધુ ભાડું ચૂકવવું પડતું હોવાનું પણ યાદીમાં જણાવાયું છે.

કોઝવે તૂટ્યા બાદ વાંકાનેરના ધારાસભ્ય જીતુ સોમાણીએ અધિકારીઓ સાથે સ્થળ મુલાકાત લીધી હતી. જોકે મરામત બાકી હોવાથી બસ વ્યવહાર પૂર્વવત્ થઈ શક્યો નહોતો.

વરસાદે વિરામ લેતાં ગજેન્દ્રસિંહ ઝાલાએ માર્ગ અને મકાન વિભાગના ઇજનેર કડીવાર તેમજ વાંકાનેર એસટી ડેપો મેનેજરને ટેલિફોનિક રજૂઆત કરી યુદ્ધના ધોરણે મરામત કરીને બસ સેવા શરૂ કરવાની માંગ કરી હતી. રજૂઆતને પગલે અધિકારીઓએ હકારાત્મક પ્રતિસાદ આપી તાત્કાલિક જરૂરી કામગીરી હાથ ધરી બપોર બાદ કુવાડવા માર્ગે વાંકાનેર-રાજકોટ એસટી બસોની અવરજવર શરૂ થાય તે માટે પગલાં લેવાની ખાતરી આપી હોવાનું યાદીમાં જણાવાયું છે.

# કોર્ટ કેસ મામલે કૌટુંબિક ભાઈએ છરીના ઘા ઝીકી ભાઈને રહેંસી નાખ્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

ધોરાજી કોર્ટમાં ચાલી રહેલા હત્યાના પ્રયાસના કેસમાં સમાધાન નહીં કરવાના મનદુખમાં રાજકોટના ભક્તિનગર સર્કલ નજીક ૪૨ વર્ષીય ઘનશ્યામસિંહ વાઘેલા પર તેમના કૌટુંબિક ભાઈ ધર્મેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ વાઘેલાએ છરી વડે હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા ઘનશ્યામસિંહને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થતાં બનાવ હત્યામાં પલટાયો છે. પોલીસ તપાસ મુજબ વર્ષ ૨૦૨૪માં ધોરાજી તાલુકાના ભાડેર ગામે ઘનશ્યામસિંહ અને તેમના પિતા પર જીવલેણ હુમલો થયો હતો, જેનો કેસ ધોરાજી સેશન્સ કોર્ટમાં ચાલી રહ્યો છે. આ કેસમાં સમાધાન માટે અવારનવાર દબાણ કરવામાં આવતું હોવાનો આક્ષેપ છે. સમાધાનનો ઇનકાર કરતાં મનદુખ રાખી હુમલો કરાયો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ભક્તિનગર પોલીસે હત્યાની કલમનો ઉમેરો કરી આરોપી ધર્મેન્દ્રસિંહ વાઘેલાની ધરપકડ કરી છરી કબજે કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

# આણંદપર બાઘીમાં રૂપિયા 8 લાખના બે કોઝવેના ખાતમુહૂર્ત

## જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી બે સ્થળે રૂ. ૪-૪ લાખની ગ્રાન્ટ ફાળવાઈ; આગેવાનો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં વિકાસકાર્યોનો પ્રારંભ





**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ તાલુકાના આણંદપર બાઘી ગામે રાજકોટ જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી કુલ રૂ. ૮ લાખના ખર્ચે નિર્માણ થનારા ૨ કોઝવેના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા.

આણંદપર બાઘી ગામે અજીતભાઈ ખેંગારભાઈ વાઢેરની વાડી પાસે કોઝવેના નિર્માણ માટે રાજકોટ જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી રૂ. ૪ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. જ્યારે ભૂપતભાઈ રણજીતભાઈ સાકરીયાની વાડી પાસે અન્ય એક કોઝવે માટે પણ રૂ. ૪ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આમ કુલ રૂ. ૮ લાખના ખર્ચે હાથ ધરાનારા બંને વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજકોટ જિલ્લા પંચાયત બેડી-૩ બેઠકના સભ્ય પ્રતિનિધિ રાજેશભાઈ ચાવડા (રાજાભાઈ), રાજકોટ તાલુકા ભાજપ પ્રમુખ કેયૂરભાઈ ઢોલરીયા, તાલુકા યુવા ભાજપ મહામંત્રી ધનરાજભાઈ ડોડીયા, રાજકોટ તાલુકા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન પ્રવીણભાઈ મેઘાણી, અનુસૂચિત મોરચાના પ્રમુખ સુરેશભાઈ, તાલુકા પંચાયત સભ્ય પ્રતિનિધિ ધનરાજભાઈ રાઠોડ, અનુસૂચિત જાતિ મોરચાના મહામંત્રી મિતભાઈ ગોહિલ અને મંત્રી અજયભાઈ સગઠિયા ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત વીરજીભાઈ ડોડીયા, કૈલાશભાઈ ડોડીયા, ઘેલાભાઈ ડોડીયા, રાજેશભાઈ કાતડ, ખોડાભાઈ સિંધવ, દેવાભાઈ ડોડીયા, જયપાલભાઈ ડોડીયા, રમેશભાઈ વાઢેર, લધુભાઈ ગમારા, મહિપતભાઈ ચબાડ, મહિપતભાઈ વાઢેર, વિજયભાઈ ડોડીયા, ભૂપતભાઈ કાતડ, ધવલભાઈ ડોડીયા, મયુર મેઘાણી, કાનાભાઈ રાઠોડ, હઠાભાઈ ગમારા, સૂર્યદીપભાઈ, કરશનભાઈ બોદર અને રમજાનભાઈ સંધી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.




# નારાયણા ઈ-ટેક્નો સ્કૂલ્સે ગુજરાતમાં 2,500 વૃક્ષો વાવ્યાં

## અધ્યક્ષ પુનીત કોથાપાના જન્મદિવસે અમદાવાદ, વડોદરા, સુરત, આણંદ, રાજકોટ અને ગાંધીનગરના કેમ્પસમાં એકસાથે વૃક્ષારોપણ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હરિત વિકાસ અને પર્યાવરણ સંરક્ષણના દૃષ્ટિકોણથી પ્રેરિત થઈ નારાયણા ઈ-ટેક્નો સ્કૂલ્સ દ્વારા અધ્યક્ષ પુનીત કોથાપાના જન્મદિવસ નિમિત્તે સમગ્ર ગુજરાતમાં વિશાળ વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત રાજ્યમાં કુલ ૨,૫૦૦ વૃક્ષોનું વાવેતર કરી હરિયાળા અને સ્વસ્થ ભવિષ્યનો સંદેશ આપવામાં આવ્યો હતો. DGM રજનિકાંત પી.ના નેતૃત્વ હેઠળ અમદાવાદ, વડોદરા, સુરત, આણંદ, રાજકોટ અને ગાંધીનગર



ખાતે આવેલી નારાયણા ઈ-ટેક્નો સ્કૂલ્સના તમામ કેમ્પસમાં એકસાથે વૃક્ષારોપણ અભિયાન યોજાયું હતું. જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ જીવનશૈલીનું મહત્વ ઉજાગર કર્યું હતું. નારાયણા ઈ-ટેક્નો સ્કૂલ્સ દ્વારા શૈક્ષણિક ઉત્કૃષ્ટતાની સાથે વિદ્યાર્થીઓમાં સામાજિક જવાબદારી અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વિકસાવવાના હેતુથી આ પહેલ કરવામાં આવી હોવાનું જણાવાયું હતું.
સંસ્થાના જણાવ્યા અનુસાર વાવવામાં આવેલા ૨,૫૦૦ વૃક્ષો અધ્યક્ષ પુનીત કોથાપાની દૂરદર્શી વિચારસરણી અને હરિત તથા સ્વસ્થ ભવિષ્યના નિર્માણ પ્રત્યે નારાયણા ઈ-ટેક્નો સ્કૂલ્સની પ્રતિબદ્ધતાનું પ્રતીક બની રહેશે.

# પ્રેમજાળમાં ફસાવી સગીરાનું અપહરણ કરી મિત્ર અને સગીરે આચર્યું દુષ્કર્મ

## 'હું કહું તેમ તારે કરવાનું નહીંતર રોજ માર મારીશ' કહી ધમકી આપી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં રહેતી ૧૭ વર્ષની સગીરાને એક સગીરએ પોતાની પ્રેમજાળમાં ફસાવી સગીરાને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી પોતાની સાથે રાખી મરજી વિરૂધ્ધ અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા બાદમાં સગીરાને અસલમ પઠાણ નામના તેના મિત્ર સાથે પણ શારીરિક સંબંધ બાંધવા માટે દબાણ કર્યું હતું. જ્યારે સગીરાએ વિરોધ કર્યો, ત્યારે આરોપીએ ઢીકા-પાટુનો ઢોર માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી દરમિયાન સગીરા ઘરે એકલી હતી ત્યારે ઘરે અવાર નવાર આવતા અને સગીર તેને માસા તરીકે બોલાવતો હતો ઘરમાં ઘુસી અસલમભાઈ પઠાણે તેની એકલતાનો લાભ ઉઠાવ્યો હતો. તેણે સગીરા સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યો હતો અને આ બાબતે કોઈને પણ જાણ કરશે તો તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની સગીરાએ તેના પરીવારને વાત કરતા સગીરાના કાકીએ થારોળા પોલીસમાં ફરિયાદ કરતા પીઆઈ સોઢા સહીતની ટીમે બન્ને આરોપી સામે પોકસો સહીતનો ગુનો નોધી આરોપીઓને સકંજામાં લઈ વધુ કાર્યવાહી કરી છે.

## વ્રતકથા સાંભળી, કુલેરનો પ્રસાદ અને ઠંડા ભોજનથી પરિવારની સુખાકારી માટે પ્રાર્થના કરી

# લોહાણા સમાજની નાગપંચમીની ઉજવણી

સિટી ન્યૂઝ@રાજકોટ

રઘુવંશી સમાજ દ્વારા પરંપરાગત રીતે અષાઢ વદ પાંચમ નિમિતે નાગપાંચમીનો પવિત્ર તહેવાર શ્રધ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવવામાં આવ્યો હતો. સવારે શુભ ચોઘડીયામાં નાગ દેવતાનું વિધિવત પૂજન કરવામાં આવ્યું હતું. સમાજના આગેવાનો, વડીલો, મહિલાઓ, યુવાનો અને બાળકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નાગદેવની આરાધના કરી સમાજ, ગામ, રાજ્ય અને દેશના સુખ સમૃધ્ધિ, શાંતિ તથા સર્વાંગી કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. રઘુવંશી સમાજમાં અષાઢ વદ પાંચમે નાગ પાંચમ ઉજવવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. આ દિવસ સમાજ માટે આસ્થા, પરંપરા અને સાંસ્કૃતિક વારસાના જતનનું પ્રતિક માનવામાં આવે છે. પૌરાણીક માન્યતા મુજબ નાગદેવ પ્રકૃતિના રક્ષક છે અને ભગવાન શિવના

**ભાઈના દીર્ઘાયુ અને સમૃધ્ધિ માટે વ્રત**



ગળામાં વિરાજમાન નાગ તેમજ ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા કાળીયા નાગના દમનની કથાઓ નાગપૂજાનું વિશેષ મહત્વ દર્શાવે છે. આ તકે યુવા પ્રેસ પ્રતિનિધિ હર્ષલ ખંધેડીયાએ પણ નાગદેવતાનું વિધિવત પૂજન- અર્ચન કરી સમગ્ર સમાજ, ગામ, રાજ્ય અને દેશના સુખ, સમૃધ્ધિ, શાંતિ અને સર્વાંગી કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. તેમણે નાગ પાંચમના પાવન અવસરે સમાજમાં એકતા, ભાઈચારો અને ભારતીય સંસ્કૃતિના જતનનો સંદેશ પણ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમ ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થયો હતો અને રઘુવંશી સમાજની પરંપરા, સંસ્કૃતિ અને એકતાનું સુંદર દર્શન થયું હતું.

## નાગની પૂજાનુ વિશેષ મહત્વ અને ધાર્મિક માન્યતા

આપણે ત્યાં સદીઓથી નાગદેવતાની પૂજા અર્ચના કરવામાં આવે છે. નાગદેવતાને દૂધ ચડાવવામાં આવે છે. શ્રાવણ વદ પાંચમ એટલે નાગ પંચમી ખાસ કરીને બહેનો ઉપવાસ કરીને આ દિવસે નાગદેવતાની પૂજા અર્ચના કરે છે, હિન્દુઓના મુખ્ય તહેવારોમાં નાગપંચમી પણ સમાવેશ થાય છે. નાગપંચમીની ધાર્મિક આસ્થા સાથે ઉજવણી કરવામાં આવતી હોય છે, ધર્મગ્રંથોમાં પણ આજના દિવસે નાગદેવતાનું પૂજન કરવાનું વિશેષ મહત્વ છે. આજના દિવસની વિશેષ ઉજવણી હિન્દુ ધર્મગ્રંથોમાં દેવો અને દાનવો વચ્ચે થયેલા યુદ્ધ સાથે સંકળાયેલી જોવા મળે છે. સમુદ્ર મંથન વખતે અમૃત પીવાને લઈને દેવો અને દાનવો વચ્ચે ભયાવહ યુદ્ધ સર્જાયું હતું, ત્યારે ભગવાન શ્રી વિષ્ણુએ મોહિની અવતાર ધારણ કરીને દેવો અને દાનવો વચ્ચે અમૃતની વહેંચણી કરી હતી, આ દરમિયાન વિષ્ણુ ભગવાન દ્વારા દેવોને અમૃતનું પાન કરાવ્યા બાદ દાનવોને અન્ય ઘડામાંથી અમૃત સિવાયનું પાન કરાવવામાં આવતું હતું, જેની જાણ દાનવોને થતા દાનવો સૂર્ય અને ચંદ્રની વચ્ચે બિરાજમાન થઈને અમૃતનું પાન કરી લેય છે, આવા સમયે ભગવાન વિષ્ણુને દાનવો અમૃતનું પાન કરી ગયા છે, તેવી જાણ થતાં તેમના શીશનું છેદન કરી દેવામાં આવે છે, આથી દાનવને બે ભાગ કરવામાં આવતા એક ભાગને રાહુ અને બીજા ભાગને કેતુ નામ આપવામાં આવ્યું હતું. ભારત દેશ કૃષિપ્રધાન દેશ છે. નાગને ખેતરનો રક્ષક માનવામાં આવે છે. તેથી તેને ક્ષેત્રપાળ પણ કહેવાંમાં આવે છે. જીવ જંતુ, ઉંદર વગેરે જે પાકને નુકશાન કરે છે તેનો નાશ કરે છે અને ખેતરમા પાકનુ રક્ષણ કરે છે. નાગ દેવતા પ્રકૃતિ અને માનવી સાથે તાલમેલ દર્શાવે છે.







# લોહાણા મહાપરિષદની સૌરાષ્ટ્ર ઝોન-3 બેઠક સોમનાથમાં યોજાઈ

સિટી ન્યૂઝ@ગીર સોમનાથ

શ્રી લોહાણા મહાપરિષદના વૈશ્વિક પ્રમુખ સતિષભાઈ વિઠલાણીના માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર ઝોન-3ના પ્રમુખ પાર્થભાઈ ગીરીશભાઈ કોટેચાની વરણી બાદ પ્રથમ બેઠક સોમનાથ ખાતે યોજાઈ હતી. બેઠકમાં જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના છેવાડાના લોહાણા પરિવારો સુધી મહાપરિષદની વિવિધ સહાય યોજનાઓ પહોંચાડવા ચર્ચા કરવામાં આવી હતી.

હોટલ આદિત્ય સોમનાથ ખાતે સ્થાનિક મહાજનના હોદ્દેદારોના યજમાનપદે યોજાયેલી બેઠકમાં કેશોદ, માંગરોળ, વિસાવદર, મેંદરડા, ગીરગઢડા, કોડીનાર, ઉના અને

**આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ સમાજના છેવાડાના લોહાણા પરિવાર સુધી પહોંચવાનો હતો : પ્રાર્થ કોટેચા**

તાલાલા સહિતના તાલુકાના હોદ્દેદારો જોડાયા હતા.

બેઠકમાં મહાપરિષદની શિક્ષણ સહાય, આરોગ્ય સહાય, જોબ પોર્ટલ અને લગ્ન સેતુ સહિતની યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ પરિવારો સુધી પહોંચાડવા આયોજન કરાયું હતું. હોદ્દેદારોની વિગતો ધરાવતી ડિરેક્ટરી બુકનું વિમોચન કરાયું હતું. સાથે વધુ લોકોને લોહાણા કનેક્ટ એપ સાથે જોડવા જાગૃતિ લાવવા ભાર મૂકાયો હતો.

બેઠકમાં સૌરાષ્ટ્ર ઝોન-3ના વાઈસ પ્રેસિડેન્ટ યતીનભાઈ કારિયા, કૃષ્ણકાંતભાઈ રૂપારેલીયા, સેક્રેટરી વિજયભાઈ ખખ્ખર, વેરાવળ રીજીનલ પ્રમુખ ચિરાગભાઈ કક્કડ, ઉપપ્રમુખ ભરતભાઈ સોમૈયા, સેક્રેટરી જયેશભાઈ શિંગાળા, જોઈન્ટ સેક્રેટરી અનિસ રાચ્છ સહિત જૂનાગઢ અને ગીર સોમનાથના વિવિધ તાલુકાના હોદ્દેદારો તથા મહિલા વિંગના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જૂનાગઢ ભાજપ શહેર પ્રમુખ ગૌરવભાઈ રૂપારેલીયા અને ગીર સોમનાથ ભાજપ તથા સમાજ અગ્રણી ઝવેરીભાઈ ઠકરારની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

## 2027માં મુંબઈમાં વિશ્વકક્ષાનું LIBF એક્ઝિબિશન

પાર્થભાઈ કોટેચાએ જણાવ્યું હતું કે જૂનાગઢ અને ગીર સોમનાથના તમામ તાલુકાના લોહાણા મહાજનો સાથે સંકલન સાધી હોદ્દેદારોને જવાબદારી સોંપવાનો મુખ્ય ઉદ્દેશ છે. લોહાણા મહાપરિષદની સ્થાપનાના ૭૫ વર્ષ ૨૦૨૭માં પૂર્ણ થવાના અવસરે મુંબઈના જીઓ વર્લ્ડ, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ ખાતે યોજાનારા LIBF (લોહાણા ઈન્ટરનેશનલ બિઝનેસ ફોરમ)ના વિશ્વકક્ષાના એક્ઝિબિશન અંગે પણ માહિતી આપવામાં આવી હતી. મહિલા વિંગના પ્રમુખ પૂજાબેન કારિયાએ ગૃહ ઉદ્યોગ સાથે સંકળાયેલી મહિલાઓને LIBFના પ્લેટફોર્મ થકી પોતાના હુન્નરને વિશ્વકક્ષાએ પહોંચાડવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# રાજકોટના કાળીપાટ પાસે ટ્રક સાથે કાર અથડાતા કાર ચાલકનું મોત

## ફાયર બિગેડ સ્ટાફે આધુનિક ક્રેઈનની મદદથી મૃતદેહ બહાર કાઢયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના નવા રિંગ રોડ પર કાળીપાટ વિરડી નજીક સાંજના સમયે એક અત્યંત દર્દનાક અને ગોઝારો માર્ગ અકસ્માત સર્જાયો હતો. કાળીપાટ ચોકડીથી તરફ જઈ રહેલી કાર અને ટ્રક વચ્ચે અકસ્માતમાં કાર ચાલક યુવકનું ગંભીર ઈજાઓ થવાને કારણે કરુણ મોત નીપજ્યું છે. બનાવમાં ફાયર બ્રિગેડની ટીમે એક કલાકની ભારે જહેમત બાદ આધુનીક ક્રેઈનની મદદથી મુતદેહ બહાર કાઢયો હતો. કોઠારીયા રોડ પર આવેલા ગ્રીનપાર્કમાં રહેતા જયદીપભાઈ ભરતભાઈ વેકરીયા (ઉ.૨૭) તેની કાર લઈને જતા હતા તે દરમ્યાન કાળીપાટ પાસે સામેથી આવતા ટ્રક સાથે ધડકા ભેર અથડાતા ચાલક કારમાં ગંભીર રીતે ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ અને આધુનિક ક્રેન તાબડતોબ સ્થળ પર પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે ભારે જહમત અને આશરે એક કલાકની કઠિન મશક્કત બાદ આધુનિક ક્રેનની મદદથી ફસાયેલી કાર અને મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે સીવીલ હોસ્પીટલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી બનાવના પગલે આજીડેમ પોલીસ મથકના જમાદાર તેજપાલસિંહ




સહીતની ટીમે તપાસ કરતા મૃતકને સંતાનમાં એક પુત્રી હોવાનુ તેમજ તેની પત્ની હાલ સગર્ભા હોવાનું પરીવારે જણાવતા પોલીસે વિશેષ કાર્યવાહી કરી છે.




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| JUNIPER GREEN ENERGY | 30/7 | 03/8 | 214 - 225 | 66 | 14,850 |
| MV ELECTROSYSTEMS | 30/7 | 03/8 | 400 - 425 | 34 | 14,450 |
| ARDEE INDUSTRIES | 05/8 | 07/8 | 50 - 53 | 281 | 14,893 |
| TECHNOCRAFT VENTURES | 07/8 | 11/8 | 201 - 212 | 70 | 14,840 |
| LEAP INDIA | 07/8 | 11/8 | 151 - 159 | 94 | 14,946 |
| SME DETAILS | | | | | |
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| ONEINDIG TECHNOLOGIES | 30/7 | 03/8 | 91 - 96 | 2400 | 2,30,400 |
| DHAVAL PACKAGING | 30/7 | 03/8 | 92 - 97 | 2400 | 2,32,800 |
| FUSION KLASSROOM EDUTECH | 31/7 | 04/8 | 151 - 159 | 1600 | 2,54,400 |
| G.V. ELECTRICALS | 31/7 | 04/8 | 123 - 130 | 2000 | 2,60,000 |
| ANAWIL WIRE & ENGINEERING | 03/8 | 05/8 | 257 - 270 | 800 | 2,16,000 |
| AEGEUS TECHNOLOGIES | 04/8 | 06/8 | 100 - 105 | 2400 | 2,52,000 |
| LAPL AUTOMOTIVE | 06/8 | 10/8 | 88 - 94 | 2400 | 2,25,600 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- BAJAJ FINSERV કુલ આવકઃ વાર્ષિક ધોરણે ૧૯.૧% વધીને ૪૨,૦૩૬.૯૦ કરોડ થઈ છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં (Q૧ FY૨૬) ૩૫,૩૦૦.૦૨ કરોડ હતી. ચોખ્ખો નફોઃ સમગ્ર ગ્રુપનો કુલ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૧૮.૨% ના વધારા સાથે ૬,૨૯૬.૬૭ કરોડ પર પહોંચી ગયો છે, જે ગયા વર્ષે Q૧ FY૨૬ માં ૫,૩૨૯.૧૭ કરોડ નોંધાયો હતો.
- GAIL INDIA ચોખ્ખો નફોઃ વાર્ષિક ધોરણે ૯૬.૯% વધીને ૪,૬૬૫.૩૬ કરોડ પર પહોંચી ગયો છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં (Q૧ FY૨૬) ૨,૩૬૯.૨૦ કરોડ હતો. કામગીરીમાંથી કુલ આવકઃ વાર્ષિક ધોરણે ૧૬.૭% ના વધારા સાથે ૪૧,૩૫૦.૧૮ કરોડ નોંધાઈ છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૩૫,૪૨૮.૮૧ કરોડ હતી. EBITDA અને માર્જિનઃ કંપનીનો ઓપરેટિંગ નફો (EBITDA) વધીને ૭,૦૯૮ કરોડ થયો છે અને EBITDA માર્જિન ૧૭.૬૫% પર પહોંચ્યું છે.
- SHREE CEMENTS કામગીરીમાંથી કુલ આવકઃ વાર્ષિક ધોરણે ૧૮.૦૩% વધીને ૬,૨૩૩.૧૩ કરોડ થઈ છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં (Q૧ FY૨૬) ૫,૨૮૦.૮૮ કરોડ હતી. કુલ આવકઃ અન્ય સ્ત્રોતોની આવક સહિત કંપનીની ૧૬.૮૪% ના વધારા સાથે ૬,૪૪૪.૮૪ કરોડ નોંધાઈ છે. ચોખ્ખો નફોઃ ઊંચા ઈનપુટ ખર્ચના કારણે કંપનીનો એકીકૃત ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૧૭.૪૮% ઘટીને ૫૩૧.૧૨ કરોડ રહ્યો છે, જે ગયા વર્ષે Q૧ FY૨૬ માં ૬૪૩.૬૬ કરોડ હતો.
- NATIONAL ALUMINIUM COMPANY ચોખ્ખો નફોઃ વાર્ષિક ધોરણે ૯૦.૮૭% વધીને ૨,૦૦૩.૧૪ કરોડ પર પહોંચી ગયો છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં (Q૧ FY૨૬) ૧,૦૪૯.૪૮ કરોડ હતો. કામગીરીમાંથી કુલ આવકઃ વાર્ષિક ધોરણે ૩૯.૨૮% ના વધારા સાથે ૫,૩૦૨.૩૮ કરોડ નોંધાઈ છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૩,૮૦૬.૯૪ કરોડ હતી. ઓપરેટિંગ નફો (EBITDA): વાર્ષિક ધોરણે ૮૧.૪૫% વધીને ૨,૭૦૭.૫૦ કરોડ થયો છે, જે ગયા વર્ષે ૧,૪૯૨.૧૪ કરોડ હતો.
- AADHAR HOUSING FINANCE ચોખ્ખો નફોઃ વાર્ષિક ધોરણે ૧૯% વધીને ૨૮૨.૩૬ કરોડ પર પહોંચી ગયો છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં (Q૧ FY૨૬) ૨૩૭.૨૮ કરોડ હતો. કુલ આવકઃ વાર્ષિક ધોરણે ૧૭.૧% ના વધારા સાથે ૯૯૭.૧૯ કરોડ નોંધાઈ છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૮૫૧.૩૪ કરોડ હતી. એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ (AUM): વાર્ષિક ધોરણે ૧૮% ના ગ્રોથ સાથે ૩૧,૩૬૪ કરોડ એ પહોંચી ગઈ છે, જે 30 જૂન ૨૦૨૫ ના રોજ ૨૬,૫૨૪ કરોડ હતી.
- મારુતિ સુઝુકી ઈન્ડિયા લિમિટેડ દ્વારા જુલાઈ ૨૦૨૬ ના મહિનામાં ૨,૪૧,૪૨૧ વાહનોનું કુલ વેચાણ કરીને નવો ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો છે, જે જુલાઈ ૨૦૨૫ ની સરખામણીએ ૩૩.૭% નો વાર્ષિક ગ્રોથ દર્શાવે છે.
- મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા (M&M) દ્વારા જુલાઈ ૨૦૨૬ તમામ સેગમેન્ટમાં શાનદાર પ્રદર્શન કરીને ૧,૦૩,૮૬૦ વાહનોનું કુલ ઓટો વેચાણ નોંધાવ્યું છે, જે જુલાઈ ૨૦૨૫ ની સરખામણીએ ૨૬% નો વાર્ષિક ગ્રોથ દર્શાવે છે.
- હુન્ડાઈ મોટર ઈન્ડિયા લિમિટેડ (HMIL) દ્વારા જુલાઈ ૨૦૨૬ ૭૫,૩૬૦ વાહનોનું અત્યાર સુધીનું સૌથી વધુ માસિક કુલ વેચાણ નોંધાવ્યું છે, જે જુલાઈ ૨૦૨૫ ની સરખામણીએ ૨૫.૪% નો વાર્ષિક ગ્રોથ દર્શાવે છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**

## મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેનો આરોપ

# સિદ્ધિ વિનાયક મંદિરમાં દર વર્ષે 18 કરોડની ચોરી !

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

અયોધ્યાના રામ મંદિરમાં દાનમાં અપાયેલા પૈસાની ઉચાપતનો મુદ્દો હજી ગાજે છે ત્યારે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના પ્રમુખ રાજ ઠાકરેએ મુંબઈના પ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિરમાં આપવામાં આવતા દાનમાંથી દર વર્ષે ૧૮ કરોડ રૂપિયાની ઉચાપત થતી હોવાનો ગંભીર આરોપ મૂક્યો છે.




આ મામલે રાજ ઠાકરેએ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને પત્ર લખીને આ દિશામાં યોગ્ય પગલાં લેવા પણ જણાવ્યું છે. આખા કૌભાંડના તાર મોટા પદ પર બેઠેલા લોકો સુધી પહોંચતા હોવાનો દાવો પણ રાજ ઠાકરેએ કર્યો છે.ઉલ્લેખનીય છે કે માર્ચ મહિનામાં સિદ્ધિવિનાયક મંદિરમાં દાનપેટીમાંથી એના જ સ્ટાફ-મેમ્બર દ્વારા પૈસા ઉપાડવામાં આવતા હોવાનું ક્લોઝ્ડ સર્કિટ ટેલિવિઝન (CCTV) કૅમેરાના ફુટેજમાં ઝડપાયું હતું. આ વાત ધ્યાનમાં આવતાં મંદિરના કર્મચારીએ દાદર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. દાદર પોલીસે આ મામલે મંદિરના ૮ કર્મચારીઓની ધરપકડ કરી હતી. આ એક પત્ર છે એકનાથ શિંદેને. વિષય છે સિદ્ધિવિનાયક મંદિરમાં અપાતા દાનની ચોરી બાબતનો.

આપણે મંદિરમાં શ્રદ્ધાભાવથી જઈએ છીએ, દાન આપીએ છીએ, ધર્મ માટે આપીએ છીએ. ત્યાંના જ કર્મચારીઓ ચોરી કરતા પકડાયા છે. આ કર્મચારીઓ પકડાયા એ પહેલાં બુધવારે દાનની રકમની ગણતરી થતી ત્યારે એ પચાસ લાખ રૂપિયાની અંદર જ હતી. હવે દર અઠવાડિયે દાનમાં અપાતી રકમ દોઢ કરોડ રૂપિયા જેટલી થાય છે.

એટલે કેટલી બધી રકમ ચોરી થઈ થાય છે એની ગણતરી કરી શકાય છે. દર વર્ષે લગભગ ૧૮ કરોડ રૂપિયાની ઉચાપત થાય છે. આ મામલાના તાર ઊંચા પદ પર બેઠેલા લોકો સુધી જોડાયેલા છે. આ મામલે તપાસ કરો. વરિષ્ઠ અધિકારીઓની તપાસ કરો.



# એઈમ્સ રાજકોટમાં અદ્યતન સ્પાઈન સર્જરી સેવાઓનો સફળ પ્રારંભ

## પ્રથમ જટિલ લંબર સ્પાઈન સર્જરી સફળ; 78 વર્ષીય દર્દીને ગંભીર કમરના દુખાવા માંથી મળી રાહત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા (AIIMS) રાજકોટ ખાતે અદ્યતન સ્પાઈન સર્જરી સેવાઓનો સફળ પ્રારંભ થયો છે. ઓર્થોપેડિક્સ વિભાગે પ્રથમ જટિલ લંબર સ્પાઈન સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરીને સુપર-સ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓમાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ મેળવી છે.



૭૮ વર્ષીય મહિલા છેલ્લા ૨ વર્ષથી કમરના અસહ્ય દુખાવા, બંને પગમાં સતત પીડા અને નબળાઈથી પીડાતા હતા. સ્થિતિ એટલી ગંભીર બની હતી કે તેઓ થોડાં પગલાં પણ પીડા વિના ચાલી શકતા નહોતા. એઈમ્સ રાજકોટના વરિષ્ઠ ફેકલ્ટી અને સુપર-સ્પેશિયાલિટી નિષ્ણાતોની ટીમે તબીબી તપાસ અને રેડિયોલોજીકલ મૂલ્યાંકન કરતાં તેમને લંબર કેનલ સ્ટેનોસિસ (Lumbar Canal Stenosis) હોવાનું નિદાન થયું હતું. આ સ્થિતિમાં સ્પાઈનલ કેનલ સાંકડી થવાથી નસો પર દબાણ સર્જાય છે અને કમર-પગમાં દુખાવો, સુનકાર, નબળાઈ તથા ચાલવામાં મુશ્કેલી થાય છે.

દર્દીની મલ્ટી-લેવલ લંબર ડિકમ્પ્રેશન અને સ્પાઈનલ ફિક્સેશન સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી હતી. ઉચ્ચ તકનીકી કુશળતા માગતી આ જટિલ સર્જરીનું નેતૃત્વ ઓર્થોપેડિક્સ વિભાગના વડા ડૉ. કુલભૂષણ કંબોજે કર્યું હતું. ડૉ. હર્ષિલ અને ડૉ. હાર્દિકે સર્જિકલ સહયોગ આપ્યો હતો. એનેસ્થેસિયોલોજી વિભાગના ડૉ. વિક્રમવર્ધન, ડૉ. અનિતા અને તેમની ટીમે એનેસ્થેટિક વ્યવસ્થા સંભાળી હતી.

એઈમ્સ રાજકોટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. એલ. એન. દોરાયરાજનના માર્ગદર્શન અને હોસ્પિટલ પ્રશાસનના સહયોગથી સર્જરી સફળ બની હતી.

સર્જરી બાદ દર્દીની તબિયતમાં નોંધપાત્ર સુધારો થયો હતો. ઓપરેશનના ચોથા જ દિવસે દર્દી સ્વયં ચાલવા લાગ્યા હતા અને ૧૦મા દિવસે સ્થિતિ સ્થિર થતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.


આ સફળતા સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં કરોડરજ્જુના જટિલ રોગોથી પીડાતા દર્દીઓ માટે મહત્વપૂર્ણ બની રહેશે. એઈમ્સ રાજકોટ નજીકના ભવિષ્યમાં મિનિમલી ઇન્વેસિવ અને એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જરી જેવી અત્યાધુનિક સેવાઓ શરૂ કરવાની દિશામાં પણ કાર્યરત છે. આ સેવાઓથી ન્યૂનતમ ચીરા, ઓછો દુખાવો, ઝડપી રિકવરી અને ટૂંકા હોસ્પિટલ રોકાણ સાથે અદ્યતન સારવાર ઉપલબ્ધ થઈ શકશે.

સ્પાઈન સર્જરીની આ સફળતા બદલ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. એલ. એન. દોરાયરાજને સમગ્ર તબીબી ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# વિજય રૂપાણીની જન્મજયંતીએ 21 કુંડી મારૂતિ મહાયજ્ઞ યોજાયો

## બાલાજી હનુમાનજી મંદિરે હજારો આહુતિ અર્પણ; દિવંગત આત્માની શાંતિ અને રાજકોટની સુખાકારી માટે પ્રાર્થના, નિરાજન આરતી સાથે પૂર્ણાહુતિ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીની જન્મજયંતી નિમિત્તે રાજકોટના ભૂપેન્દ્ર રોડ પર કરણસિંહજી હાઈસ્કૂલ સામે આવેલા શ્રી બાલાજી હનુમાનજી મંદિરે ભવ્ય ૨૧ કુંડી મારૂતિ મહાયજ્ઞ અને વિશેષ નિરાજન આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતો-મહંતોની પાવન ઉપસ્થિતિ અને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે યોજાયેલા ધાર્મિક ઉત્સવમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા.

સાંજે ૫થી ૭ વાગ્યા દરમિયાન મંદિરના પટાંગણમાં બનાવવામાં આવેલા વિશાળ યજ્ઞમંડપના ૨૧ યજ્ઞકુંડમાં શાસ્ત્રોક્ત વિધિ સાથે યજમાનો અને ભક્તોએ હજારો આહુતિઓ અર્પણ કરી હતી. પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીની સ્મૃતિને નમન કરી તેમના આત્માની પરમ શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. સાથે રાજકોટ શહેરની સુખ-શાંતિ, સમૃદ્ધિ અને સલામતી માટે પણ બાલાજી હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના અર્પણ કરાઈ હતી.

મારૂતિ મહાયજ્ઞની પૂર્ણાહુતિ બાદ સંધ્યા સમયે સ્વ. વિજયભાઈ રૂપાણીની સ્મૃતિમાં વિશેષ નિરાજન આરતી કરવામાં આવી હતી. આ સમયે જય બાલાજી, જય શ્રી રામ અને હનુમાનજી મહારાજ કી જયના જયઘોષથી સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ આરતી અને દર્શનનો લાભ લીધો હતો.

સમગ્ર સ્મૃતિ મહોત્સવનું આયોજન શ્રી બાલાજી હનુમાનજી મંદિરના મહંત વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી મુનિવત્સલદાસજી સ્વામીની નિશ્રા અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંતોએ રૂપાણી પરિવાર તેમજ ઉપસ્થિત શ્રદ્ધાળુઓને બાલાજી હનુમાનજીના આશીર્વાદ અને પ્રસાદ પાઠવ્યા હતા.

# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની - તમારો વોર્ડ - તમારો હક

લાઈટ બંધ રહે છે?



ગંદુ પાણી આવે છે?



રસ્તા તૂટેલા છે?



ગંદકી અને સફાઈની સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો - "સિટી ન્યૂઝ રાજકોટ" સુધી!

તમારી સમસ્યાનો ફોટો / વિડિયો મોકલો

અમે તેને સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડશું

**ચૂંટણી હોય કે ન હોય - "સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!**



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે આપનો સહકાર જરૂરી**